# <u>ફોર્મ–એ</u>

**<u>એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, પાટણ, મું.રાધનપુર.</u>**

**શ્રી આર.આર.ચૌધરી, એડી. સેશન્સ જજ.**

**(સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨)**
**(ચૂકાદાની તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬)**
**આંકઃ–**

**(એફ.આઈ.આર.ની વિગત, ગુન્હો અને પોલીસ સ્ટેશન)**
રાધનપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૧૧૩૮૭

**ગુન્હોઃ–** ઈ.પી.કો. કલમઃ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ.

**પોલીસ સ્ટેશનઃ–** રાધનપુર પોલીસ સ્ટેશન

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત (મુળ ફરીયાદી જીતાભાઈ સ/ઓ મફાભાઈ રામશીભાઈ ઠાકોર)) |
| સરકાર તરફે વકીલશ્રી | વિ.એ.પી.પી.શ્રી એમ.ડી.પંડયા, એસ.કે.પટેલ |
| આરોપીઓ | (૧) નરેશભાઈ સ/ઓ ચીમનભાઈ ઠાકોર, ઉ.વ.૪૫, **(એબેટ)**<br>(૨) ચન્દ્રશેખર સ/ઓ નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર, ઉ.વ.૨૧,<br>(૨) ભગતસિંહ સ/ઓ નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર, ઉ.વ.૧૯, |
| આરોપી તરફે વિ.વકીલશ્રી | વિ.વ.શ્રી બી.પી.ઠકકર |

# <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૫/૧૦/૨૦૨૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૬/૧૦/૨૦૨૧ |
| કેસ કમીટ થયા તારીખ | ૨૫/૦૨/૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૯/૦૮/૨૦૨૨ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૧૬/૧૦/૨૦૨૧ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૮/૦૨/૨૦૨૩ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૩ |
| ચૂકાદાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | આખરી હુકમ મુજબ |

## –આરોપીની વિગત–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્ત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સી.આર.પી.સી. ની કલમ– ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમિયાન કોટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર(એબેટ) | ૧૬/૧૦/ ૨૦૨૧ | ૦૨/૦૮/ ૨૦૨૧ | ઈ.પી.કો. કલમઃ– ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪,૩૨૩,૫૦૪,૫ ૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ– ૧૩૫ મુજબ. | નિર્દોષ છોડવામાં આવ્યાં | આખરી હુકમ મુજબ | |
| (૨) | ચંન્દ્રશેખર નરેશભાઈ ઠાકોર | ૧૬/૧૦/ ૨૦૨૧ | કાચા કામના કેદી તરીકે અંદર છે. | | | | |
| (૩) | ભગતસિંહ નરેશભાઈ ઠાકોર | ૧૭/૧૦/ ૨૦૨૧ | ૧૬/૧૨/ ૨૦૨૨ | | | | |

**<u>ફોર્મ–સી</u>**

**<u>ફરીયાદપક્ષના સાહેદોનું લીસ્ટ</u>**

| અનુ.ન. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | વિક્રમભાઈ ગીગાભાઈ ભીલ | પંચ | ૧૮ |
| ૨ | પોપટભાઈ મફાભાઈ ઠાકોર | પંચ | ૩૭ |
| ૩ | બેચરભાઈ રૂપાભાઈ ખુશાલભાઈ તોભાણી (ઠાકોર) | પંચ | ૪૧ |
| ૪ | શીવાભાઈ ઓખાભાઈ રાણા | પંચ | ૪૩ |
| ૫ | નારસંગજી નાનજીજી ઠાકોર | પંચ | ૪૭ |
| ૬ | રફીકભાઈ રહેમાનભાઈ ઘાંચી | પંચ | ૪૯ |
| ૭ | મનસુખભાઈ વેલાભાઈ પરમાર | પંચ | ૫૧ |
| ૮ | જીતાભાઈ સદાભાઈ ઠાકોર | પંચ | ૫૩ |
| ૯ | દિવ્યરાજ હસમુખદાન ગઢવી | પંચ | ૫૯ |
| ૧૦ | રમેશભાઈ નાગરભાઈ ભીલ | પંચ | ૬૧ |
| ૧૧ | ડો.જતીનભાઈ પસાભાઈ વણકર | સાહેદ | ૬૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | ડો.જીનીયસ અમરતલાલ રાજવી | સાહેદ | ૭૧ |
| ૧૩ | ડો.અંકીતા ગણપતભાઈ પટેલ | સાહેદ | ૮૪ |
| ૧૪ | જીતાભાઈ મફાભાઈ ઠાકોર | ફરીયાદી | ૯૫ |
| ૧૫ | હીનાબેન જીતાભાઈ ઠાકોર | સાહેદ | ૯૭ |
| ૧૬ | રમીલાબેન જીગ્નેશભાઈ ઠાકોર | સાહેદ | ૯૮ |
| ૧૭ | કમુબેન વરસંગભાઈ ઉર્ફે વરજંગભાઈ  ઠાકોર | સાહેદ | ૯૯ |
| ૧૮ | સુંડાભાઈ મફાભાઈ  ઠાકોર | સાહેદ | ૧૦૦ |
| ૧૯ | ભીમજીભાઈ લખુભાઈ ચાવડા | સાહેદ | ૧૦૪ |
| ૨૦ | ગાંડાભાઈ રેવાભાઈ રબારી | ત.ક.અ | ૧૦૭ |
| ૨૧ | પ્રકાશભાઈ મુળાભાઈ કાળમા | સાહેદ | ૧૧૪ |
| ૨૨ | રમેશભાઈ કમાભાઈ પટેલ | ત.ક.અ | ૧૩૩ |

## <u>ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવોઃ–</u>

| અનુ.ન. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૯ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૨૭–૩૫ | પંચ સ્લીપ |
| ૩ | ૩૬ | ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૪ | ૪૪ | આરોપીઓના મારક હથિયારનું ડીસ્કવરી પંચનામું |
| ૫ | ૪૫, ૪૬ | પંચસ્લીપો |
| ૬ | ૫૦ | આરોપીનું મો.સા.કબજે કર્યા અંગેનું ડીસ્કવરી પંચનામું |
| ૭ | ૫૪ | મરણ જનાર સાહેદ–વરજંગભાઈ ધરમશીભાઈ ઠાકોર તથા સાહેદ–રમીલાબેન જીજ્ઞેશભાઈ ઠાકોરના કબજે કરેલ કપડાનું પંચનામું |
| ૮ | ૫૫–૫૭ | પંચસ્લીપો |
| ૯ | ૬૦ | કા.સ.કિ.ની ઓળખ પરેડનું પંચનામું |

| | | |
|---|---|---|
| ૧૦ | ૬૩ | રાધનપુર રેફરલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૫૮૨/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૧ | ૬૪ | રાધનપુર રેફરલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૫૮૩/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૨ | ૬૫ | રાધનપુર રેફરલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૫૯૦/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૩ | ૬૬ | રાધનપુર રેફરલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૬૩૭/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૪ | ૭૨ | જનતા હોસ્પિટલ પાટણના એમ.એલ.સી.નં.૩૮૪૦૫/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૫ | ૭૩ | હોસ્પિટલ રેકર્ડના કાગળો કુલ–૪૭ (સંયુકત) |
| ૧૬ | ૮૫ | ધારપુર મેડીકલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૨૪૨૭/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૭ | ૮૬ | રાધનપુર સી.એચ.સી.ની રીફરચીટ |
| ૧૮ | ૮૭ | ધારપુર મેડીકલ હોસ્પિટલના એમ.એલ.સી.નં.૨૪૨૮/૨૧ ના સારવાર સર્ટીઓ |
| ૧૯ | ૯૬ | જીતાભાઈ મફાભાઈની ફરીયાદ |
| ૨૦ | ૧૦૫ | પો.સ્ટે.ઓ.શ્રી નો ડેપ્યુટ હુકમ |
| ૨૧ | ૧૦૮ | સાહેદનું બ્લડ સેમ્પલ સારૂ આપેલ રિપોર્ટ |
| ૨૨ | ૧૦૯ | કલમ વધારાનો રિપોર્ટ |
| ૨૩ | ૧૧૦ | મુદામાલ રવાનગી પત્રક |
| ૨૪ | ૧૧૧ | એફ.એસ.એલ.પૃથ્થકરણ રિપોર્ટ |
| ૨૫ | ૧૧૨ | અસલ તપાસણી અહેવાલ મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર |
| ૨૬ | ૧૧૩ | ફોરેન્સિક તપાસણી રિપોર્ટ |
| ૨૭ | ૧૧૫ | રાધનપુર પો.સ્ટે.ક્રોસગુ.ર.નં.–૧૩૮૬/૨૧ ની એફ.આઈ.આરની નકલ |
| ૨૮ | ૧૧૬ | જનતા હોસ્પિટલ પાટણના એમ.એલ.સી.નં.૩૮૪૩૯/૨૧ના સારવાર સર્ટીઓ |

| | | |
|---|---|---|
| ૨૯ | ૧૧૭ | મરણ જનાર વરજંગભાઈ ધરમશીભાઈ ઠાકોરની પી.એમ.નોટ–૧ ૨૯/૨૧ તથા કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ |
| ૩૦ | ૧૧૮ | એફ.એસ.એલ.સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૩૧ | ૧૧૯ | એફ.એસ.એલ મુદામાલ સ્વીકાર્યાની પહોંચ |
| ૩૨ | ૧૨૦ | માહે–૧૦/૨૦૨૧ નુ હથિયાર બંધી જાહેરનામું |
| ૩૩ | ૧૨૧ | પો.સબ.ઈન્સ.પી.એમ.કાળમાનાઓ ગુનો રજી કરવા આપેલ રીપોર્ટ |
| ૩૪ | ૧૨૨ | આરોપીઓની મેડીકલ તપાસણી સારૂ આપેલ રિપોર્ટ |
| ૩૫ | ૧૨૩ | આરોપીઓની મેડીકલ તપાસણીના રિપોર્ટ |
| ૩૬ | ૧૨૪ | આરોપીઓનું બ્લડ સેમ્પલ લેવડાવવા આપેલ રિપોર્ટ |
| ૩૭ | ૧૨૫ | આરોપી નરેશના ગુનાઓનું લીસ્ટ |
| ૩૮ | ૧૨૬ | ઈન્કવેસ્ટ ભરવા એકજી.મેજી.ને આપેલ યાદી |
| ૩૯ | ૧૨૭ | લાશનું પી.એમ.કરવા ડો.શ્રીને આપેલ રિપોર્ટ |
| ૪૦ | ૧૨૮ | મરણોતર ફોર્મની નકલ |
| ૪૧ | ૧૨૯ | લાશ સંભાળ્યાની પાવતી |
| ૪૨ | ૧૩૦ | લાશ સોંપ્યાની પાવતી |
| ૪૩ | ૧૩૧ | ગુનાવાળી જગ્યાનો નકશો પત્ર સાથે |

**––ઠરાવ––**

<u>**ફરીયાદ**</u>

**(૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની હકીકત એવી છે કે, ''ગઈ તા.૧ ૫/૧૦/૨૦૨૧ ના સવારના સાડા નવેક વાગ્યે સાહેદ સુંડાભાઈ મફાભાઈ ઠાકોર રહે.શેરગંજ(કુણશેલા)નાઓ પોતાના ગામ શેરગંજ ખાતે નાઈ શૈલેષભાઈ રઘુભાઈનાઓની દુકાન પાસે ઉભેલ હતા ત્યારે આરોપી નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર રહે.પ્રેમનગરવાળો દારૂ પીધેલી હાલતમાં સાહેદ સુંડાભાઈ પાસે આવી જેમતેમ ભુંડી ગાળો બોલતો હોય જે બાબતે સાહેદ સુંડાભાઈ તથા આરોપી નરેશભાઈ ચીમનભાઈ સાથે ઝપાઝપી થયેલી અને નજીકમાંથી માણસો આવી બન્નેને છુટા પાડેલ જેથી સાહેદ સુંડાભાઈ અને આરોપી નરેશભાઈ બન્ને તેમના ઘરે જતા રહેલા

હતા અને ત્યારબાદ બપોરના સવા ત્રણેક વાગે ફરીયાદી જીતાભાઈ મફાભાઈ ઠાકોર રહે.શેરગંજ(કુણશેલા) વાળાઓ તથા ફરિ.ની પત્ની હીનાબેન તથા ફરિ.ના ભાઈ સુંડાભાઈ જેઓ સુંડાભાઈના ઘરે હાજર હતા તે દરમ્યાન આરોપીઓ (૧) નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર તથા તેના બન્ને દિકરા જેમાં (૨)ચંદ્રશેખર નરેશભાઈ ઠાકોર ધારીયું લઈ તથા (૩) ભગતસિંહ નરેશભાઈ ઠાકોર લાકડી લઈ રહે.ત્રણેય પ્રેમનગર(ધર્મનગર) તથા કા.સ.કિ. (૪) કા.સ.કી. રહે. પ્રેમનગરવાળાઓ તેઓનો સામાન્ય ઈરાદો બર લાવવા બજાજ ડીસ્કવર મો.સા. નં.જીજે.૨૪.એન.૫૦૧૪ ઉપર આવી ફરિ.ને ચંદ્રશેખરે કહેલ કે તારો ભાઈ સુંડોભાઈ કયા છે તેણે મારા પિતાને કેમ માર મારેલ છે તેવુ કહી ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ વખતે ફરિયાદીના કાકા વરસંગભાઈ ઠાકોરનાઓ આરોપીઓને સમજાવવા આવતા ચંદ્રશેખરે ફરિયાદીના કાકા વરસંગભાઈ ઉપર જીવલેણ હુમલો કરી તેના હાથમાં રહેલ ધારીયુ માથાના ભાગે મારી ગંભીર ઈજાઓ પહોચાડેલ તથા ફરિ.ના ભાઈ જીજ્ઞેશભાઈની પત્ની રમિલાબેનને હાથ ઉપર ધારીયું મારેલ તેમજ આરોપી ભગતસિં હે ફરિ.ને ડાબા હાથના કાંડાના ભાગે લાકડી મારેલી તથા સાહેદ સુંડાભાઈને ગડદાપાટુનો માર મારેલો અને આરોપી નરેશભાઈએ ફરિ.ની પત્ની હિનાબેનને ગડદાપાટુનો માર મારી, આરોપીઓએ ફરિ/સાહેદોને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, અને કા.સં .કિ. અન્ય આરોપીઓ સાથે આવી ગુનો કરવામાં પ્રેરક ભુમિકા ભજવી હોવાથી અન્ય આરોપીઓએ સાહેદોને ગંભીર ઈજાઓ કરી જતા રહેલા જેમાંઈજા પામનાર સાહેદ ઠાકોર વરજંગભાઈ ધરમશીભાઈને માથામાં ગંભીર ઈજાઓ થયેલ હોઈ જતના હોસ્પિટલ પાટણમાં તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ સારવાર દરમ્યાન મરણ ગયેલ તેમજ મે.જીલ્લા મેજી.સા.પાટણના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી ત્રણેય ઇસમો વિરુધ્ધ ધોરણસર થવા મારી ફરીયાદ છે" આમ, ઉપરોક્ત ફરીયાદ આધારે તા.૧૬/૧૦/૨૦૨૧ ના રોજ રાધનપુર પોલીસ સ્ટેશન ખાતે

બનાવ બાબતે ફરીયાદીએ સદર કેસના આરોપીઓ વિરૂદ્ધ ધોરણસર થવા ફરીયાદ આપતા રાધનપુર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૧૧૩૮૭ ઈ.પી.કો. કલમઃ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે.

(૨) સદર ફરીયાદની તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આ ગુનાના આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો.કલમઃ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાનું ચાર્જશીટ એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રીની કોર્ટ, રાધનપુર સમક્ષ રજુ કરવામાં આવતા તે ક્રિમિનલ કેસ નં.૩/૨૦૨૨ થી નોંધવામાં આવેલ.

**<u>કમીટલ કાર્યવાહી</u>**

(૩) આ કામના આરોપીઓ વિદ્વાન એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, સાહેબશ્રીની કોર્ટ, રાધનપુર કોર્ટમાં હાજર તથા, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે તેઓના વિનામુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી અને તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ હુકમ કરી ક્રિમિનલ કેસ નં. ૩/૨૦૨૨ ને અત્રેની એડીશનલ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૦૬/૨૦૨૨ થી દાખલ કરવામાં આવેલ.

**<u>તોહમતનામુ-જવાબ</u>**

(૪) ત્યારબાદ આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયેની જોગવાઈઓનુ પાલન કર્યા બાદ આરોપીઓને આંક-૧૬ થી ઈ.પી.કો.કલમઃ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલું અને આંક- ૧૨, ૧૩ અને ૧૪ થી આરોપીઓનુ નિવેદન લેતા, આરોપીઓએ ગુનો કબુલ નહિ હોવાનું અને કેસ

આગળ ચલાવવાનું જણાવતાં, આરોપીઓ સામે ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

(૫) ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ 'ફોર્મ–સી' ના ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાના વર્ણનનું પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે પુરાવાનું વર્ણન કરવામાં આવતુ નથી.

**સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયેની કાર્યવાહી**

(૬) ફરીયાદ પક્ષે આંક–૧૩૪ થી ક્લોઝિંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કર્યા બાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. અને આરોપીઓએ તેઓની સામે પડેલ પુરાવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, "અમારી ઉપર ખોટો કેસ કરેલ છે.'' તેમજ આરોપીઓએ સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે તથા બચાવના કોઈ સાહેદ તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.

**બંને પક્ષની દલીલઃ–**

(૭) ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.પટેલ તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી બી.પી.ઠક્કર ની મૌખિક દલીલો સાંભળી.

(૮) બંને પક્ષોની દલીલો તેમજ રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે આરોપીઓ તા.૧૫/૧૦/૨૦૨૧ સવારે સાડા નવેક વાગે સાહેદ સુંડાભાઈ મફાભાઈ ઠાકોર તેઓના ગામ શેરગંજ ખાતે નાઈની દુકાન પાસે ઉભેલ હતા ત્યારે તમોઆરોપી નં.૧ દારૂ પીધેલ હાલતમાં આવી સુંડાભાઈ સાથે જેમ તેમ ગાળો બોલતા હોઈ બન્ને વચ્ચે ઝપાઝપી થયેલી અને નજીકમાંથી માણસોએ આવી બન્નેને છુટા પાડેલ, ત્યારબાદ બપોરના ત્રણેક વાગે ફરિ. જીતાભાઈ મફાભાઈ ઠાકોર

તથા તેમના પત્ની હીનાબેન તથા તેમના ભાઈ જીગ્નેશભાઈની પત્ની રમીલાબેન તથા તેમના ભાઈ સુંડાભાઈ ના ઘરે ગયેલા અને તેઓ ત્યા હાજર હતા તે દરમ્યાન તમો આરોપીઓ નં.(૧)નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર, તમારા બન્ને દિકરા (૨)ચંદ્રશેખર નરેશભાઈ ઠાકોર, (૩)ભગતસિંહ નરેશભાઈ ઠાકોર, તથા કા.સ.કિ. નાઓ લાકડી લઈ તમારો સામાન્ય ઈરાદો બર લાવવા ફરિ. ના ઘરે જઈ ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી નં.૨ નાઓએ ફરિ.ના કાકા વરસંગભાઈ ઉપર જીવલેણ હુમલો કરી તમારા હાથમા રહેલ ધારીયુ માથાના ભાગે મારી ગંભીર ઈજાઓ પહોચાડેલ તથા ફરિ.ના ભાઈ જીજ્ઞેશભાઈની પત્ની રમિલાબેનને હાથ ઉપર ધારીયું મારી તેમજ આરોપી નં.૩ નાઓએ ફરિ.ને ડાબા હાથના કાંડાના ભાગે લાકડી મારી તથા સાહેદ સુંડાભાઈનેગડદાપાટુનો માર મારી અને આરોપી નં.૧ નાઓએ ફરિ.ની પત્ની હિનાબેનને ગડદાપાટુનો માર મારી,તથા કા.સ.કિનાઓએ અન્ય આરોપીઓ સાથે ગુનો કરવામાં પ્રેરક ભુમિકા ભજવી હોવાથી અન્ય આરોપીઓએ સાહેદોને ગંભીર ઈજાઓ કરી જતા રહેલા જેમાં ઈજા પામનાર સાહેદ ઠાકોર વરજંગભાઈ ધરમશીભાઈને માથામાં ગંભીર ઈજાઓ થયેલ હોઈ સારવાર દરમ્યાન મરણ ગયેલ તથા તમો આરોપીઓએ મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણ નાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમઃ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા કરેલ છે?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દા પરત્વેના મારા ન્યાય નિર્ણયો નીચે મુજબ છેઃ–

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## નિર્ણયના કારણો

**મુદ્દા નંબરઃ– ૧, ૨**

**પંચસાહેદોનો પુરાવો:–**

(૧૧) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧ તરીકે પંચસાહેદ વિક્રમભાઈ ગીગાભાઈ ભીલને આંક–૧૮** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે અને આ પંચ સાહેદ આંક–૧૯ થી રજૂ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર આંક–૧૯ થી રજૂ પંચનામામાં તથા આંક–૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, વાળી પંચસ્લીપ તથા આંક–૩૬ ના ઈન્વેસ્ટપંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ બાબતેની કોઈ હકીકત પુછેલ ન હતી. એ વાત ખરી છે કે પોલીસે તેમનુ નીવેદન નોંધેલ નથી. એ વાત ખરી છે કે પંચનામામા તેઓએ એવી કોઈ હકીકત લખાવેલ નથી કે, તેઓને પોલીસે પુછેલ કે, શું બાબતે ઝઘડો થયેલો તો તેઓએ જણાવેલ કે તેઓ આવ્યા એવા મારવા માંડેલા તેઓએ કાંઈ પુછેલ નહી. નરેશભાઈના છોકરાએ વરસંગભાઈને માથામાં ધારીયું મારેલું. એ વાત ખરી છે કે પોલીસે કેટલાક કાગળોમાં તેમની સહી લીધેલી તે સીવાય બીજું કાંઈ જાણતા નથી. એ વાત ખરી છે કે પંચનામા વખતે તેઓએ જોયેલ વરસંગભાઈ ધરમશીભાઈ

ઠાકોરની લાશને શરીરે કોઈ ઈજાઓ ન હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે માથા ઉપર ઈજા હતી. એ વાત ખરી નથી કે માથા ઉપરની ઈજા ઉપર માત્ર એક પટ્ટી મારેલ હતી. એ વાત ખરી છે કે તેઓએ લાશના માથે બાંધેલ પાટો ખોલીને ઈજા જોયેલ નહી. એ વાત ખરી છે કે માથા ઉપર નાનો પાટો બાંધેલો હતો.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૨ તરીકે પંચસાહેદ પોપટભાઈ મફાભાઈ ઠાકોરને આંક–૩૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૧૬/૧૦/૨૧ ના રોજ તેઓ ગામમા બેસેલા હતા અને રાધનપુર પોલીસના માણસો આવેલા અને તેમને જણાવેલ કે ગામમા જે ગુનો બનેલ છે તે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવાનુ છે તેથી તેઓએ પંચમા રહેવાની હા પાડેલી. તે વખતે એક બેન હાજર હતા તેમણે તેઓનું નામ હીનાબેન તે જીતાભાઈ ઠાકોરની પત્નિ રહે.મુળ શેરગંજ તા.રાધનપુર હાલ રહે.અમદવાદ હોવાનુ જણાવેલું અને તેમણે જણાવેલ કે જે બનાવ બનેલો તે વખતે તેઓ સ્થળ ઉપર હાજર હતા તેથી તેઓ ગુનાવાળી જગ્યા બતાવવા માંગે છે અને જગ્યા બતાવેલી જે જગ્યા શેરગંજ ગામમા ઠાકોર વાસમા આ કેસના ફરીયાદીના રહેણાંકના ઘરના ખુલ્લા આંગણામા આવેલ હતા જે જગ્યાએ જોતા માટીનું કાચુ લીંપણ કરેલ આંગણુ હતુ. તે આંગણામા થોડા થોડા અંતરે લીંપણ ઉપર લોહી જેવા ભુખરા કલરના સુકાઈ ગયેલા ડાઘ જોવા મેળેલા જેથી જે જે જગ્યાએ ડાઘ જોવા મળેલા તે જગ્યાએ સુકાઈ ગયેલ લોહીવાળા લીંપણના નમુના કોટન થ્રેડ ઘસીને લેવામા આવેલા તથા સાદા લીંપણના નમુના કંટ્રોલ સ ેમ્પલ તરીકે લેવામા આવેલા અને સાદા કોટન થ્રેડનો નમુનો પણ તેમની હાજરીમા લ ેવામા આવેલો અને તે રીતનું વિગતવારનું પંચનામુ લખી લેવામા આવેલ અને આ ગુનાવાળી જગ્યાની ચતુર્સીમા પણ લખી લેવામા આવેલી અને તે વિગતવાળું

પંચનામા નીચે વાંચ્યા અને સમજયા બાદ તેમા પંચ નં.૨ તરીકે તેઓએ પોતાની સહીઓ કરેલી. જે પંચનામું તેમને આંક–૧૯ બતાવાવામા આવે છે તે જોઈને કહે છે કે તેમા પંચ નં.૨ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદામાલ આર્ટીકલ નં.૧ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી લીંપણ ઉપર લોહીના ડાઘ વાળી માટી મળી આવેલ છે જે તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગમાંથી નીકળેલ મુદામાલ સાથે આંક–૨૭ વાળી એક પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદામાલ આર્ટીકલ નં.૨ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી લીંપણ ઉપર લોહીના ડાઘ વાળી માટી મળી આવેલ છે જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૨૮ વાળી પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૩ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી લીંપણ ઉપર લોહીના ડાઘ વાળી માટી મળી આવેલ છે જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૨૯ વાળી પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૪ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી લીંપણ ઉપર લોહીના ડાઘ વાળી માટી મળી આવેલ છે જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૩૦ વાળી પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૫ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં

છે જે ખોલતા તેમાંથી લીંપણ ઉપર લોહીના ડાઘ વાળી માટી મળી આવેલ છે જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૩૧ વાળી પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૬ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી ઘરની દિવાલ ઉપરથી લોહીના ડાઘાવાળી જગ્યાએ ઘસીને કોર્ટન થ્રેડમાં લીધેલ નમુનો છે. જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૩૨ વાળી પં ચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ.નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદામાલ આર્ટીકલ નં.૭ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી કંટ્રોલ સેમ્પલ તરીકે લીધેલ કોર્ટન થ્રેડ છે. જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૩૩ વાળી પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૮ બતાવવામાં આવે છે. જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી લીંપણનો સાદો નમુનો કંટ્રોલ સેમ્પલ તરીકેનો છે. જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૩૪ વાળી પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. નં.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.તેમને મુદામાલ આર્ટીકલ નં.૯ બતાવવામાં આવે છે જે કાપડની એક થેલીમાં છે જે ખોલતા તેમાંથી લીંપણનો સાદો નમુનો કંટ્રોલ સેમ્પલ તરીકેનો છે. જે મુદામાલ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ છે. આ બેગીમાંથી નીકળેલ મુદામાલ સાથે એક આંક–૩૫ વાળી પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપમાં અનુ. ન.૨ મા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૨.૧)** ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, સું ડાભાઈ તેમના જ્ઞાતી ભાઈ થાય છે અને ઈન્કાર કરેલ છે પોલીસ કામગીરીમાં તેમને સુંડાભાઈ બોલાવવા માટે આવેલા અને વધુમા એવો પુરાવો આપેલ છે કે, ઘટના બની ત્યારે તેઓ ત્યાં હાજર હતા. આ પંચ સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેમનુ નામ–ઠામ, સરનામું પુછેલું અને પોલીસે તેમને કાગળોમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી તથા પોલીસે તેઓને સુંડાભાઈની ઘરની બહાર બેસાડેલા અને બધી કાર્યવાહી કરેલી. સાહેદ પોલીસની કાર્યવાહી કયાં થયેલી તે માટે સ્વેચ્છાએ એવી હકીકત જણાવેલ છે કે, તેમને સુંડાભાઈની ઘરની બહાર બેસાડેલ ન હતા અને ઘટના વાળી જગ્યાએ તેઓ હતા. સાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે પોલીસે તેમની હાજરીમાં બધા નમુનાઓ લીધેલા નથી પરંતુ એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે એક મેણીયાની થેલી લઈ આ બધા નમુનાઓ તેની અંદર એક સાથે નાખી દીધેલા. એ વાત ખરી છે કે પોલીસ પોતાની કામગીરી પતાવીને નીકળી ગયેલી. એ વાત ખરી છે કે પોલીસે પં ચનામાની સમગ્ર કાર્યવાહી પતાવીને નીકળી ગયેલી. એ વાત ખરી છે કે પોલીસે પં ચનામાની સમગ્ર કાર્યવાહી કરી અને લખી લીધા બાદ તેમને કહેતા તેઓએ સહી કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કાર્યવાહી તેમની હાજરીમાં થયેલી.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૩ તરીકે પંચસાહેદ બેચરભાઈ રૂપાભાઈ ખુશાલભાઈ તોભાણી(ઠાકોર)ને આંક–૪૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસ

માં મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, આજથી બે વર્ષ અગાઉ આ કેસના મરણ જનાર વરસંગભાઈ ઠાકોર કે જેઓ તેમના કાકા સસરા થતા હતા તેમનો મરણનો પ્રસં ગ બનેલ હોવાથી અને આ મરણ જનાર વરસંગભાઈની લાશ પાટણ મુકામે જનતા હોસ્પિટલમા હતી અને તેથી ત્યાં તેમને જવાનુ થયેલ. આ હોસ્પિટલમા

તેઓએ મરણ જનાર વરસંગભાઈની લાશ જોયેલી જે હોસ્પિટલના એક પલંગમા પડેલ હતી. મરણ જનાર વરસંગભાઈના માથામા પાટો બાંધેલો હતો. બીજુ કાંઈ જોયેલુ નહી. જે અંગેનુ લખાણ પોલીસના સાહેદ દેવશીભાઈએ લખેલુ અને તે વખતે તેઓ હાજર હતા. આ કામે તેમને આંક–૩૬ બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે.

**(૧૩.૧)** ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે બધુ લખી અને તૈયાર કરી દીધેલ અને તેમને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. એ વાત ખરી છે કે આ સિવાય તેમને બીજુ કંઈ બતાવેલુ નહી.

**(૧૪)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૪ તરીકે પંચસાહેદ શીવાભાઈ ઓખાભાઈ રાણાને આંક–૪૩** તથા **સાહેદ નં.૫ તરીકે પંચસાહેદ નારસંગજી નાનજીજી ઠાકોરને આંક–૪૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચસાહેદો આરોપીઓના મારક હથિયારના ડીસ્કવરી પંચનામાના પંચસાહેદો છે અને આ પંચસાહેદોએ આંક–૪૪ થી રજુ થયેલ આરોપીના મારક હથિયારના ડીસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર આંક–૪૪ થી રજુ પંચનામામાં તથા આંક–૪૫ અને ૪૬ વાળી પંચસ્લીપમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર પંચસાહેદોની આરોપીઓ તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર પંચસાહેદોને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ પંચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૬ તરીકે પંચસાહેદ રફીકભાઈ રહેમાનભાઈ ઘાંચીને આંક–૪૯** તથા **સાહેદ નં. ૭ તરીકે પંચસાહેદ મનસુખભાઈ વેલાભાઈ પરમારને આંક–૫૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પં ચસાહેદો આરોપીનું મો.સા.કબજે કર્યા અંગેના ડીસ્કવરી પંચનામાના પંચસાહેદો છે અને આ પંચસાહેદોએ આંક–૫૦ થી રજુ થયેલ આરોપીનું મો.સા.કબજે કર્યા અંગેના ડીસ્કવરી પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર આંક–૫૦ થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર પંચસાહેદોની આરોપીઓ તરફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર પંચસાહેદોને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ પં ચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૮ તરીકે પંચસાહેદ જીતાભાઈ સદાભાઈ ઠાકોરને આંક–૫૩** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૨૦/૧૦/૨૧ ના રોજ તેઓ રાધનપુર પો.સ્ટે.ના પો.ઈ.શ્રી જી.આર.રબારીના બોલાવાથી પાટણ ખાતેની જનતા હોસ્પીટલ ગયેલા. ત્યા હોસ્પીટલમા એક રમીલાબેનની સારવાર ચાલતી હતી અને તેમના હાથે તથા પગે ઈજાઓ થયેલી હતી તથા હોસ્પીટલમા બીજા વરસંગભાઈ ધરમશીભાઈ ઠાકોરને પણ સારવાર નીચે મે જોયેલા. આ વરસંગભાઈએ શરીર ઉપર બુશર્ટ અને ઢીવટો પહેરેલ હતો. આ કપડા ઉપર કાઈ નોંધપાત્ર જણાયેલ નહી અને આ વરસં ગભાઈને માથાના ભાગે વાગેલું હતુ તે તેઓએ જોયેલું અને તેઓને બે દિવસ ત્યા

રાખેલા અને ત્યારબાદ તેઓનું મૃત્યુ નીપજેલું. તેમને ની.૩૭/૭ થી રજુ પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમા પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૫૪** આપવામા આવે છે. તે વખતે એવુ કાંઈ બનેલ નહી કે ઉપરોકત બંને ઈજાગ્રસ્ત નાઓએ જે કપડા પહેરેલ હતા તે કપડા તેઓની હાજરીમા રજુ થયેલા અને તે કબજે લેવા અંગેનું પણ ત્યાં પં ચનામું થયેલું. તેમને મુદામાલ આર્ટીકલ નં.૧૮ જેના પર માર્ક–સી લખેલ બતાવવામાં આવે છે જે શીલબંધ છે જે ખોલતા તેમાથી એક કાળા કલરની ડીઝાઈનવાળી સાડી નીકળેલ છે. જે સાડી તેઓએ સારવાર નીચે જે રમીલાબેનને જોયેલા તેમણે આ સાડી પહેરેલ હતી. આ સાડી ઉપરથી એક પંચસ્લીપ નીકળેલ છે જે પંચ સ્લીપ તેમને વંચાણે આપવામાં આવે છે જેમા હાલના કેસનો ગુના નંબર લખેલ છે અને તેમા ઠાકોર રમીલાબેનનાએ રજુ કરેલ સાડી માર્ક–સી થી તેવુ લખેલ છે અને તેની નીચે પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે રજુ દાખલ **આંક–૫૫** આપવામાં આવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૧૯ જેના પર માર્ક–સી/૧ લખેલ બતાવવામાં આવે છે જે શીલબંધ છે જે ખોલતા તેમાથી એક સફેદ કલરનું ધોતીયું નીકળેલ છે. જે ધોતીયું તેઓએ સારવાર નીચે જે વરસંગભાઈને જોયેલા તેમણે આ ધોતીયું પહેરેલ હતું. આ ધોતીયા ઉપરથી એક પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપ તેમને વં ચાણે આપવામાં આવે છે જેમા હાલના કેસનો ગુના નંબર લખેલ છે અને તેમા ઠાકોર વરસંગભાઈનાએ રજુ કરેલ ધોતીયું માર્ક–સી/૧ થી તેવુ લખેલ છે અને તેની નીચે પં ચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને મુદામાલ આર્ટીકલ નં.૨૦ જેના પર માર્ક–સી/૨ લખેલ બતાવવામાં આવે છે જે શીલબંધ છે જે ખોલતા તેમાથી એક આખીબાયનું શર્ટ નીકળેલ છે. જે શર્ટ તેઓએ સારવાર નીચે જે વરસં ગભાઈને જોયેલા તેમણે આ શર્ટ પહેરેલ હતું. આ શર્ટ ઉપરથી એક પંચસ્લીપ નીકળેલ છે જે પંચસ્લીપ તેમને વંચાણે આપવામાં આવે છે જેમા હાલના કેસનો ગુના

નંબર લખેલ છે અને તેમા ઠાકોર વરસંગભાઈનાએ રજુ કરેલ શર્ટ માર્ક–સી/૨ થી તેવુ લખેલ છે અને તેની નીચે પંચ નં.૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.જે રજુ દાખલ **આંક–૫૭** આપવામાં આવે છે.

**(૧૬.૧)** ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે તેમનુ ગામ શેરગંજ(કુણશેલા) છે. એ વાત ખરી છે કે વરસંગભાઈ અને રમીલાબેન તેમના વાસના અને તેમના કુટુંબી થાય છે. એ વાત ખરી છે કે તેઓ જનતા હોસ્પિટલમા ખબર કાઢવા ગયેલા. એ વાત ખરી છે કે તેઓ પોલીસના રાઈટરને કીધેલું કે તેઓ સાક્ષી પંચમા રહેશે અને તેમને રાખજો. એ વાત ખરી છે કે તે રાઈટરે કેટલાક કાગળો તૈયાર કરી તેમા તેમની સહી લીધેલી. એ વાત ખરી છે કે લખનાર ભાઈ એકલા જ હશે. એ વાત ખરી છે કે ખબર પાડીને તેઓ પાં ચ–દશ મીનીટમાં નીકળી ગયેલા.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૯ તરીકે પંચસાહેદ દિવ્યરાજ હસમુખદાન ગઢવીને આંક–૫૯** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ પંચસાહેદ કા.સ.કિ.ની ઓળખ પરેડના પંચનામાના પંચસાહેદ છે અને આ પં ચસાહેદે આંક–૬૦ થી રજુ થયેલ કા.સ.કિ.ની ઓળખ પરેડના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર આંક–૬૦ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીઓ તરફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર પંચસાહેદને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ પં ચ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

(१८) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૦ તરીકે પંચસાહેદ રમેશભાઈ નાગરભાઈ ભીલને આંક–૬૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૦૧/૧૧/૨૦૨૧ ના રોજ તેઓ રાધનપુર મામલતદાર કચેરીએ નોનક્રિમીલેયર સર્ટીફીકેટ કઢાવવા માટે ગયેલા અને તે વખતે ત્યાં મામલતદાર સાહેબની ઓફીસમા એક કેસ બાબતે કેટલાક માણસો હાજર હતા અને તે વખતે મામલતદાર સાહેબે તેમને કહેલ કે એક ગુનાના કામના સાક્ષી–બહેન આ ગુનાના આરોપીને ઓળખી બતાવવા અંગેની ઓળખ પરેડની કાર્યવાહી હાથ ધરવાની છે અને તે અંગેનુ પંચનામુ કરવાનુ છે તેથી તે પંચનામામા પંચ તરીકે રહેવાની તેઓએ હા પાડેલી ત્યારબાદ તે વખતે મામલતદારશ્રી દવારા પાંચ માણસોને બોલાવેલા હતા તથા આરોપીને પણ એક અલગ રૂમમા બેસાડેલ હતો તથા આરોપીને ઓળખી બતાવનાર સાહેદ–બહેનને પણ એક અન્ય રૂમમા બેસાડેલ હતા. તે વખતે આ તમામ લોકો એકબીજાને જોઈ ન શકે તેવી કાળજી રાખ્યા બાદ ઓળખ પરેડની કાર્યવાહી ચાલુ કરવામા આવેલી ત્યારબાદ પબ્લીક માંથી જે પાંચ માણસો બોલાવેલ હતા તેમને મામલતદાર સાહેબની ચેમ્બરમા કતાર બંધ ઉભા કરવામા આવેલા ત્યારબાદ આ ગુનાના આરોપીને બોલાવવામા આવેલો અને તેને કહેવામા આવેલ કે પબ્લીકના આ પાંચ માણસો પૈકી કોઈપણ માણસની વચ્ચે તેની ઈચ્છા મુજબ ઉભા રહી જવાનુ કહેલ ત્યારબાદ આ આરોપી આ માણસોની વચ્ચે ઉભો રહી ગયેલો ત્યારબાદ સાહેદને બોલાવવામા આવેલા. તેમને ત્યાં ઉભેલ કતાર માંથી આરોપીને શોધી બતાવવાનુ કહેતા તેઓએ આ કતારમાના ઈસમો પૈકી ઈસમ નં.૨ અને ૩ ની વચ્ચે ઉભો રહેલ અને કા.સ.કી.એ પોતાનુ નામ જણાવેલુ હતુ જે વ્યકિતને આરોપી તરીકે શોધી બતાવેલો તે અંગેની કાર્યવાહી તેઓની હાજરીમા પૂર્ણ થયા બાદ તે પંચનામાના દરેક પાના ઉપર વાચ્યાં, સમજયા પછી

તેઓએ પોતાની સહી કરેલી જે પંચનામુ આ કામે તેમને આંક–૬૦ થી બતાવવામા આવે છે જેમા પંચ નં.ર તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખે છે.

**(૧૮.૧)** ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે , મામલતદાર ઓફીસમા તેઓને બોલાવેલ અને બહાર લોબીમા બેસવાનુ કીધેલુ. એ હાલે તેમને યાદ નથી કે, પોલીસના કોન્સ્ટેબલ ત્યાં આવેલા અને તેમની સહી પાટલી ઉપર લીધેલી. એ વાત ખરી નથી કે, જે તેઓ ચાર–પાંચ માણસોના આવ્યાનુ કહે તે બધા ખુલ્લા મોઢે આવેલા. એ વાત ખરી નથી કે, તેમની રૂબરૂ પોલીસે કે મામલતદારશ્રીએ કોઈ કાર્યવાહી કરેલી નહી. એ વાત ખરી છે કે, આરોપી તથા સાહેદના નામથી તેઓ પરિચીત નથી. એ વાત ખરી છે કે, તેઓ આરોપી તથા સાહેદને ઓળખતા ન હતા અને તેમના રૂબરૂ કોઈ નામની ઓળખાણ કરાવેલી નહી.

**મેડીકલ પુરાવો:–**

**(૧૯)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૧ તરીકે ડો.જતીનભાઈ પસાભાઈ વણકરને આંક–૬ર** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગં દ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૧૫/૧ ૦/ર૧ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે રાધનપુર રેફરલ અને સીંએચસી હોસ્પીટલ ખાતે પોતાની ફરજ પર હાજર હતા ત્યારે બપોરના ૩:૩૦ કલાકે ઈજા પામનાર દર્દી વરસંગભાઈ ધરમશીભાઈ ઠાકોર, ઉ.વ.૫૦, રહે.કોણસેલા નાઓ પોલીસ યાદી વગર સારવાર અર્થે તેમની પાસે આવેલ. સદર ઈજા પામનારે બનાવ સંબંધે હીસ્ટ્રી તેઓએ જાતે જણાવેલ કે, તેમને નરેશ ઠાકોર અને ત્રણ બીજા માણસોએ ધારીયુ મારી હુમલો કરી ઈજા પહોચાડેલ છે અને આ બનાવ તેમના ઘરે એક કલાક પહેલા બનેલ છે. આ ઈતીહાસ દર્દીએ જાતે આપેલ.તેઓએ તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ.

**ઈજા નં ૧:** માથાના વચ્ચેના ભાગે સુજાયેલો ઘા હતો. લોહીની હાજરી હતી. તેઓએ તેમની સારવાર કરતા દુખાવા માટેનુ ઈન્ઝેશકન આપેલ હતુ અને તેમને માથાની ઈજા હોવાથી તેઓને ધારપુર સરકારી હોસ્પિ. ખાતે વધુ સારવાર માટે રીફર કરેલ. ઈજા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. આ ઈજા તાજી હતી. તેમને ની.૩૭/૯ બતાવવામાં આવે છે જે તેઓએ આ દર્દીની શારીરીક તપાસણી કર્યા અંગે પોલીસને જે પ્રમાણપત્ર આપેલ તે છે જેમા તેઓના હસ્તાક્ષર, તેમની સહી અને તેમના હોદાનો સીકકો છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આં ક–૬૩** આપવામાં આવે છે. તેમને મુદામાલ આર્ટી નં.૧૬ વાળુ ધારીયુ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે, તેનાથી પ્રમાણપત્રમા વર્ણવેલ ઈજા થઈ શકે. ઈજા પામનાર દર્દી રમીલાબેન જીજ્ઞેશભાઈ ઠાકોર , ઉ.વ.૨૮, તે જ ગામનાઓ પોલીસ યાદી વગર સારવાર અર્થે તેમની પાસે આવેલ. સદર ઈજા પામનારે બનાવ સંબંધે હીસ્ટ્રી તેઓએ જાતે જણાવેલ કે તેઓને નરેશ ઠાકોર અને ત્રણ બીજા માણસોએ ધારીયા વડે ઈજા પહોચાડેલ છે અને આ બનાવ તેમના ઘરે એક કલાક પહેલા બનેલ છે. આ ઈતીહાસ દર્દીએ જાતે આપેલ. તેઓએ તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. **ઈજા નં ૧:** દર્દીની ડાબી બાજુના કોણીના ભાગે સુજાયેલો ઘા હતો. તેઓએ તેમની સારવાર કરતા દુખાવા માટેનુ ઈન્ઝેશકન આપેલ હતુ અને વધુ સારવાર માટે ધારપુર સરકારી હોસ્પિ. ખાતે હાડકાના ડોકટર તરફ રીફર કરેલ. ઈજા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. આ ઈજા તાજી હતી. તેમને ની.૩૭/૧૦ બતાવવામાં આવે છે જે તેઓએ આ દર્દીની શારીરીક તપાસણી કર્યા અં ગે પોલીસને જે પ્રમાણપત્ર આપેલ તે છે જેમા તેઓના હસ્તાક્ષર, તેમની સહી અને તેમના હોદાનો સીકકો છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આં ક–૬૪** આપવામાં આવે છે. તેમને મુદામાલ આર્ટી નં.૧૬ વાળુ ધારીયુ બતાવવામા

આવે છે જે જોઈને કહે છે કે, તેનાથી પ્રમાણપત્રમા વર્ણવેલ ઈજા થઈ શકે. તા. ૧૭/૧૦/૨૧ ના રોજ સવારે ક.૧૦:૩૦ વાગે ઈજા પામનાર દર્દી ભગતસિંહ નરેશભાઈ ઠાકોર, ઉ.વ.૧૮,રહે.રાધનપુરનાઓ પોલીસ યાદી વગર સારવાર અર્થે તેમની પાસે આવેલ. સદર ઈજા પામનારે બનાવ સંબંધે હીસ્ટ્રી તેઓએ જાતે જણાવેલ કે ત્રણ થી ચાર અજાણ્યા માણસોએ લાકડી વડે ઈજા પહોચાડેલ છે. જે ઈજાઓ તેમને પરમ દીવસે સાંજે પાચ વાગે કોણસેલા મુકામે પહોચાડેલ છે. આ ઈતીહાસ દર્દીએ જાતે આપેલ. તેઓએ તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. ઈજા નં .૧: દર્દીની ડાબી બાજુના ખભાના ભાગે એક છોલાયેલો ઘા હતો. ઈજા નં.ર: દર્દીને જમણી બાજુના હાથ ઉપર પણ એક છોલાયેલો ઘા હતો. તેઓએ તેમની સારવાર કરતા દુખાવા માટેનુ ઈન્ઝેકશન આપેલ હતુ. ઈજા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી. આ ઈજા તાજી હતી. આ ઈજાઓ ત્રણથી ચાર દીવસની અંદર રીકવર થઈ શકે તેવી હતી. તેમને ની.૩૭/૧૧ બતાવવામાં આવે છે જે તેઓએ આ દર્દીની શારીરીક તપાસણી કર્યા અંગે પોલીસને જે પ્રમાણપત્ર આપેલ તે છે જેમા તેમના હસ્તાક્ષર, તેમની સહી અને તેમના હોદાનો સીકકો છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૬૫** આપવામાં આવે છે. તા.૦૧/૧૧/૨૧ ના રોજ સવારે ક.૧૧.૫૦ વાગે ઈજા પામનાર દર્દી કા.સ.કી. ઉ.વ.૧૭, રહે.પ્રેમનગર, તા.રાધનપુરનાઓ પોલીસ યાદી સાથે પી.આઈશ્રી જી.આર.રબારી સાથે સારવાર અર્થે તેમની પાસે આવેલ. સદર ઈજા પામનારે બનાવ સંબંધે હીસ્ટ્રી તેઓએ જાતે જણાવેલ કે, તેમને દસ દીવસ પહેલા એક અજાણ્યા માણસે પ્રેમનગર મુકામે માથા ઉપર ધોકુ મારેલ. આ ઈતીહાસ દર્દીએ જાતે આપેલ. તેઓએ તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. ઈજા નં.૧: દર્દીને બાહ્ય કોઈ ઈજા જણાતતી નહોતી. તેમના બી.પી.અને પલ્સ માપના નોર્મલ જણાયેલ હતા. તેમને ની.૩૭/૧૨ બતાવવામાં

આવે છે જે તેઓએ આ દર્દીની શારીરીક તપાસણી કર્યા અંગે પોલીસને જે પ્રમાણપત્ર આપેલ તે છે જેમા તેમના હસ્તાક્ષર, તેમની સહી અને તેમના હોદાનો સીકકો છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૬૬** આપવામાં આવે છે.

**(૧૯.૧)** ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે , એ વાત ખરી છે કે, કહેવાતા ઈજા પામનારની સાથે ઘણાબધા માણસો આવેલા. એ વાત ખરી નથી કે, હીસ્ટ્રી તેમની સાથે આવેલ માણસોએ લખાવેલી. એ વાત ખરી છે કે, તેઓએ નરેશભાઈ ચીમનભાઈ ઠાકોરને તપાસેલા નથી. એ વાત ખરી છે કે, તા.૧૫/૧૦/૨૧ ના રોજ હોસ્પિટલમા તેમના સીવાય બીજા કોઈ ડોકટર સાહેબ ફરજ ઉપર હાજર ન હતા. સવાલ:– શું ડો.ભાવેશદાન તા.૧૫/૧૦/૨૧ ના રોજ ફરજ ઉપર હોસ્પિટલમાં હાજર હતા? જવાબ:– તેમની ફરજ બપોર સુધીની હતી ત્યાર પછી હાજર હોય તો તેમને ખબર નથી. એ વાત ખરી છે કે , તેમની ડયુટીનો સમય પૂર્ણ થાય તો આવતા ડોકટરને ચાર્જ આપીને જવુ પડે. સવાલ:–આપની ડયુટીનો સમય પૂર્ણ થયા બાદ કોને ચાર્જ આપેલો? જવાબ:– ડો.ભાવેશદાન ગઢવીને આપેલો. એ વાત ખરી છે કે, તેઓ આજરોજ એમ.એલ.સી રજીસ્ટર સાથે લઈને આવેલ નથી. સાહેદ જણાવે છે કે, હોસ્પિટલમાં છે. સવાલ:– તા.૧૫/૧૦/૨૧ ના રોજનુ એમ.એલ.સી.રજીસ્ટર રજુ કરી શકો? જવાબ:– હા. તેઓ કરી શકે. સવાલ:– શુ એમ.એલ.સી.રજીસ્ટર રજુ કરવા તૈયાર છો? જવાબ:– હા. જરૂર જણાય તો રજુ કરી શકે. એ તેમને હાલ યાદ નથી કે , તા.૧૫/૧૦/૨૧ ના રોજ નરેશભાઈ ચીમનભાઈ ઠાકોરની હોસ્પિટલમા તપાસણી થયેલી અને તેનો એમ.એલ.સી.નંબર પાડેલ અને તેને પાટણ ધારપુર ખાતે રીફર કરવામા આવેલ.એવુ બની શકે કે, તેમના સીવાય બીજા મેડીકલ ઓફીસરે નરેશભાઈ ચીમનભાઈ ઠાકોરને સારવાર કરી

વધુ સારવાર માટે ધારપુર સીવીલ ખાતે રીફર કરેલા હોઈ શકે. એ વાત ખરી છે કે, આંક–૬૩ વાળા સર્ટીમાં કલાક ૩:૩૦ નો સમય લખેલો છે. એ વાત ખરી છે કે, વરસંગભાઈ ધરમશીભાઈને જણાવેલ ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી છે તેવુ તેમના સર્ટીમા જણાવેલ છે. એ વાત ખરી છે કે, ધારીયુ છે તે સખત અને બોથડ પદાર્થ ન કહી શકાય. સવાલ:– આંક–૬૩ વાળા સર્ટીમા ઈજા પામનારની ઈજા લાકડી જેવા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી? જવાબ:– આ ઈજા લાકડી તથા ધારીયા વડે પણ થઈ શકે તેવી હતી. એ વાત ખરી નથ કે, આંક–૬૩ મા જણાવેલ ઈજા કે જે માથાના વચ્ચેના ભાગે સુજાયેલો ઘા હતો તે ઈજાનો પ્રકાર નથી. એ વાત ખરી નથી કે, આંક–૬૩ વાળા સર્ટીવાળા ઈજા પાનાર દર્દી સમી કોન્સીયેસ હતા એટલે કે તે બોલી શકે તેવી હાલતમાં ન હતા. એ વાત ખરી છે કે, તેઓએ આ દર્દીને ટીટી અને ડાયકલોનુ ઈન્જેકશન આપેલ. હવે જણાવે છે કે, તેમને પાટાપીંડી કરીને ધારપુર પાટણ ખાતે રીફર કરેલ હતા. એ વાત ખરી છે કે ઈજા સામાન્ય પ્રકારની હતી. એ વાત ખરી છે કે આ સીવાય અન્ય કોઈ સારવાર આપેલી નહી. એ વાત ખરી છે કે આંક–૬૩ વાળા સર્ટીમાં ઈજાનુ કોઈ માપ લખેલ નથી. એ વાત ખરી છે કે તેઓએ કોઈ સ્ટીચ લીધેલ નહી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈપણ વ્યકિતને ધારદાર હથીયાર વડે મારવામા આવે તો તેને થતી ઈજા કપાયેલો ઘા (ઈનસાઈઝડ વુન્ડ) થાય. એ વાત ખરી છે કે તેઓએ દર્દીને ધારપુર રીફર કરેલા.

(૨૦) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૨ તરીકે ડો.જીનીયસ અમરતલાલ રાજવીને આંક–૭૧** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૧૫/૧૦/૨૧ ના રોજ તેઓ પાટણ મુકામેની જનતા હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હતા તે દિવસે સાંજ ના નવ કલાકે એક ઈજા પામનાર દર્દી નામે ઠાકોર વરસંગભાઈ ધરમશીભાઈ ઉ.વ.આ.૫૦ નાઓને ૧૦૮ એમ્બ્યુલન્સ

વાનમાં પોલીસ યાદી સિવાય તેમના સગા ઠાકોર જીતુભાઈ ધ્વારા સારવાર માટે લાવવામાં આવેલા. બનાવ સંબંધે પુછતા એવુ લખાવેલ કે, તા.૧૫/૧૦/૨૧ ના રોજ સાંજના ચાર વાગે વરસંગજી ઉપર બે અજાણ્યા માણસોએ હુમલો કરતા ઈજા થયેલી. આ દર્દીને તપાસતા તે બેભાન અવસ્થામાં હતો. તેના માથાના ડાબી બાજુના ભાગમાં ૬×૨ સે.મી.નો છુંદાયેલો ઘા હતો. તેનો માથાનો સીટી સ્કેન રીપોર્ટ કરાવેલ તે જોતા દર્દીની ઈજા મૃત્યુ નીપજાવે તેવી હતી અને આ ઈજા સખત અને બોથડ પદાર્થથી થયેલ હોય તેવુ જણાતુ હતુ.દર્દી તા.૧૫/૧૦/૨૧ ના રોજ દાખલ થયેલ ત્યારે તેનો સીટી સ્કેન રીપોર્ટ જોતા તેના માથામા હેમરેજ, ગંઠાયેલું લોહી અને માથાના હાડકાનું ફ્રેકચર નોંધાયેલ. તા.૧૫/૧૦/૨૧ ના રોજ તેનું તાત્કાલીક તેમની ટીમના ડો.ધ્રુવ એન.પટેલ, ન્યુરો સર્જન ધ્વારા દર્દીના માથાના ભાગનું ઓપરેશન કરવામાં આવેલ અને ત્યારબાદ દર્દીને વેન્ટીલેટર સપોર્ટ પર રાખવામાં આવેલ. તા.૨૨/૧૦/૨૧ ના રોજ જયારે દર્દી વેન્ટીલેટર સપોર્ટ પર હતુ ત્યારે તેનું મૃત્યુ નીપજેલ અને તેના શરીરને પોસ્ટમાર્ટમ માટે મોકલી આપેલ.આ સમયે જનતા હોસ્પીટલમાં તેઓ મેડીકલ ઓફીસર તરીકેની ફરજ ઉપર હતા અને તેથી દર્દીને ઈજાગ્રસ્ત હાલતમાં તેમના ત્યા લાવવામાં આવેલ ત્યારથી તેની સારવાર કરેલ અને સારવાર દરમ્યાન મૃત્યુ થતા મરણ જનારની લાશને પી.એમ.માટે મોકલી આપેલ ત્યા સુધીની તમામ કાર્યવાહી તેમના સુપરવીઝન નીચે થયેલી અને તેથી આ બાબતે તેઓએ પ્રમાણપત્ર આપેલું જે પ્રમાણપત્ર આ કામે તેમને માર્ક–૩૭/૧૪ થી બતાવવામાં આવે છે જેમા તેમની સહી તથા હોદાનો સીકકો છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ **આંક–૭૨** આપવામાં આવે છે. ઉપરોકત દર્દીની તમામ સારવાર અંગેના કેસપેપર સહીતના તમામ કાગળો તેમની સાથે હોસ્પીટલના રેકર્ડમાંથી લાવેલ છે જે કુલ ૪૭ કાગળો છે જે રજુ કરે છે. જે કુલ ૪૭ કાગળો સંયુકત રજુ દાખલ **આંક–૭૩** આપવામાં આવે છે.

**(૨૦.૧)** ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, એ વાત ખરી છે કે, તેઓએ આ કામે રીફર ચીટ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે તેઓએ આંક–૭૨ વાળા સર્ટીફીકેટમાં ઘા ની ઉંડાઈ જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૬ સેમી. તેની લંબાઈ અને ૨ સે.મી.તેની ઉંડાઈ દર્શાવેલી છે. એ વાત ખરી છે કે આંક–૭૨ ના સર્ટીમા ઘા ની પહોળાઈ દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે સી.એલ.ડબલ્યુ. ની ઈજા કોઈ વ્યકિત દિવાલ સાથે ટકરાય તો થઈ શકે. એ વાત ખરી છે કે ઈજા પામનારે કોઈ ઈતિહાસ લખાવેલ ન હતો.

**(૨૧)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૩ તરીકે ડો.અંકીતા ગણપતભાઈ પટેલને આંક–૮૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૧૫/૧૦/૨૧ ના રોજ તેઓ ધારપુર સિવીલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે સાંજના ૬ કલાક અને ૧ મીનીટે એક દર્દીનામે નરેશભાઈ ચમનભાઈ ઠાકોર ઉ.વ.આ.૫૦, રહે.પોરાણા, તા.રાધનપુરનાઓને પોલીસ યાદી વગર સી.એચ.સી.રાધનપુરની રીફરચીટ સાથે સારવાર માટે તેમનની પાસે લાવેલ હતા. દર્દીને પુછતા તેમણે જાતે હીસ્ટ્રી જણાવેલ કે તેમને દશ ઠાકોર લોકોએ તેમના ગામમાં લાકડી અને ધારીયાથી આજરોજ બપોરના ત્રણ વાગે મારેલ છે અને મારનાર ના નામ ખબર નથી. દર્દી સંપુર્ણ સભાન અવસ્થામાં હતો અને તેના બી.પી.પલ્સ નોર્મલ હતા. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી. ઈજા નં.૧ :– માથાના મધ્યથી તરત ડાબા ભાગમાં પાછળની બાજુએ એક ઉભો ૬ સે. મી. નો લાલ રંગના માર્જીનવાળો ટાંકા લીધેલ ઘા હતો. ઈજા નં.૨:– માથાના મધ્યમાં આગળ અને મધ્ય ભાગમાં એક ૫ સે.મી.નો ઉભો લાલ રંગના માર્જીનવાળો ટાંકા લીધેલ ઘા હતો. દર્દીના મગજનો સીટીસ્કેન કરાવવામાં આવેલો હતો. જેના

રીપોર્ટમાં ડાબા મધ્ય ભાગમાં સોજો હતો બાકીના મગજમાં કોઈ ફ્રેકચર કે હેમરેજ જણાયેલ નહી. દર્દીને તા. ૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સારવાર આપી અને તા. ૧૬/૧૦/૨૦૨૧ ના રોજ રજા આપવામાં આવેલી. દર્દીને થયેલ ઈજા સાદી, તાજી, માર મારવાથી થઈ શકે તેવી અને જો કોઈ આડઅસર ન થાય તો આશરે સાત થી દશ દિવસમાં સારી થઈ શકે તેમ હતી. આ દર્દીનુ સારવાર કર્યા અંગેનુ પોલીસને તેઓએ સારવાર સર્ટી આપેલુ. તેમને નિ.૩૭/૧૫ બતાવવામા આવે છે જે તેઓએ દર્દીની સારવાર કર્યા બાબતનુ સારવાર સર્ટી છે. જેમા તેમના હસ્તાક્ષર, તેમની સહી અને તેમના હોદાનો સિકકો છે જે તેઓ ઓળખી બતાવે છે જેને રજુ દાખલ **આંક–૮૫** આપવામાં આવે છે. આ દર્દી રાધનપુર સી.એચ.સી.ની રીફર ચીટ લઈ તેમની પાસે સારવાર માટે આવેલ જે રીફર ચીટ આજરોજ તેમની સાથે લાવેલ છે જે તેઓ રજુ કરે છે જેને રજુ દાખલ **આંક–૮૬** આપવામાં આવે છે. તે જ તારીખે તેઓ ધારપુર સિવીલ હોસ્પિટલમા મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હાજર હતી ત્યારે સાંજના ૭ કલાક અને ૧ મીનીટે એક દર્દી નામે ચંદ્ર નરેશભાઈ ઠાકોર ઉ.વ.આ.૨૦, રહે. પોરાણા, તા.રાધનપુર નાઓને પોલીસ યાદી વગર તેમના સંબંધી સારવાર માટે તેમની પાસે લાવેલા હતા. દર્દીને પુછતા તેમણે જાતે હીસ્ટ્રી જણાવેલ કે તેમને દશ ઠાકોર લોકોએ તેમના ગામમાં લાકડી અને ચપ્પુ વડે મારેલ છે તેમને મારનારના નામ ખબર નથી. દર્દી સંપુર્ણ સભાન અવસ્થામાં હતા અને તેના બી.પી.પલ્સ નોર્મલ હતા. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી. ઈજા નં.૧:– ડાબા હાથના કાંડા ઉપર પાછળના ભાગે ૨×૦.૫ સે.મી.નો નીક્ષ્ણ કપાયેલો આડો ઘા હતો. ઈજા નં.૨:–ડાબા હાથના પાછળના ભાગે ૨×૦.૫ સે.મી.નો તીક્ષ્ણ કપાયેલો ત્રાંસો ઘા હતો. દર્દીના ડાબા હાથ, કાંડા અને કાંડાથી નીચેના ભાગનો એકસરે કરાવેલ જે નોર્મલ હતો. દર્દીને તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સારવાર આપી અને તા.૧૬/૧૦/૨૦૨૧ ના રોજ રજા આપવામાં આવેલી. દર્દીને થયેલ ઈજા સાદી, તાજી, માર મારવાથી થઈ

શકે તેવી અને જો કોઈ આડ અસર ન થાય તો આશરે સાત થી દશ દિવસમાં સારી થઈ શકે તેમ હતી. આ દર્દીનુ સારવાર કર્યા અંગેનુ પોલીસને તેઓએ સારવાર સર્ટી આપેલુ. તેમને નિ.૩૭/૧૬ બતાવવામાં આવે છે જે તેઓએ દર્દીની સારવાર કર્યા બાબતનુ સારવાર સટી છે. જેમાં તેમના હસ્તાક્ષર, તેમની સહી અને તેમના હોદાનો સિકકો છે જે તેઓ ઓળખી બતાવે છે અને જેને રજુ દાખલ **આંક-૮૭** આપવામાં આવે છે.આંક-૮૫ વાળા સર્ટીફીકેટમાં જણાવેલ ઈજાઓ કોઈપણ વ્યકિતને લાકડી અને ધારીયા વડે માર મારવામાં આવે તો થઈ શકે તેવી છે. આંક-૮૭ વાળા સર્ટીફીકેટમાં જણાવેલ ઈજાઓ કોઈપણ વ્યકિતને ધારીયુ અને ચપ્પુ વડે માર મારવામાં આવે તો થઈ શકે તેવી છે.

**(૨૧.૧)** ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, એ વાત ખરી છે કે નરેશભાઈ ચીમનભાઈ ઠાકોરને થયેલ ઈજાઓ વાઈટલ પાર્ટ, માથાના ભાગે હતી. એ વાત ખરી નથી કે આ દર્દીને થયેલ ઈજાઓ એવા પ્રકારની હતી કે જો તાત્કાલીક સારવાર ન મળે તો ઈ.ડી.એચ.થવાના કારણે મૃત્યુ પણ થઈ શકે. એ વાત ખરી નથી કે આ દર્દીની ઈજાઓ ગંભીર પ્રકારની હતી. તેઓએ આ દર્દીનુ માથાનુ સીટી સ્કેન કરાવેલુ. એ વાત ખરી છે કે દર્દીનુ સીટી સ્કેન કરતા માથાની ચામડીની નીચેના ભાગે હીમેટોમા હતુ. એ તેઓ કહી શકે નહી કે ચંદ્ર નામના દર્દીને તેઓએ તપાસેલ તેનુ પુરુ નામ ચંદ્રશેખર નરેશભાઈ ઠાકોર હતુ. એ વાત ખરી છે કે તેઓએ આ દર્દીના આખા નામની ખરાઈ કરેલ ન હતી. એ વાત ખરી છે કે આઠ દશ વ્યકિતઓ ધ્વારા ધારીયા, ચપ્પુ અને લાકડીઓ ધ્વારા જો હુમલો કરવામાં આવે તો નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર અને ચંદ્ર નરેશભાઈ ઠાકોરને ઈજાઓ થઈ શકે.

**<u>ફરીયાદીનો પુરાવો:–</u>**

(૨૨) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૪ તરીકે ફરીયાદી જીતાભાઈ મફાભાઈ ઠાકોરને આંક–૯૫** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ ફરીયાદી આંક–૬૦ થી રજુ થયેલ પોતાની ફરીયાદની હકીકતોને સમર્થન કરેલ નથી કે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર આંક–૯૬ થી રજુ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર ફરીયાદીની આરોપીઓ તરફે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં સદર ફરીયાદીને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

**<u>સાહેદોનો પુરાવો:–</u>**

(૨૩) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૫ તરીકે હીનાબેન જીતાભાઈ ઠાકોરને આંક–૯૭, સાહેદ નં. ૧૬ તરીકે રમીલાબેન જીગ્નેશભાઈ ઠાકોરને આંક–૯૮, સાહેદ નં. ૧૭ તરીકે કમુબેન વરસંગભાઈ ઉર્ફે વરજંગ ભાઈ ઠાકોરને આંક–૯૯ તથા સાહેદ નં. ૧૮ તરીકે સુંડાભાઈ મફાભાઈ ઠાકોરને આંક–૧૦૦,** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં ફરીયાદપક્ષની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ, જેથી સદર સાહેદોને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આ ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતો હોય તેવું જણાઈ આવતું નથી.

**(૨૪)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૧૯ તરીકે ભીમજીભાઈ લખુભાઈ ચાવડાને આંક–૧૦૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા.૧ ૬/૧૦/૨૦૨૧ ના રોજ રાધનપુર પો.સ્ટે.ખાતે પી.એસ.ઓ. તરીકે તેઓ પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમાં નાઓના રૂબરૂની જીતાભાઈ મફાભાઈ રામશીભાઈ ઠાકોર રહે.શેરગંજ (કુણશેલા),તા.રાધનપુર, જી.પાટણવાળાની ફરીયાદ લેખિત હુકમ સાથે ગુનો દાખલ થવા સારૂ તેમની પાસે આવતા તેઓએ તે ફરીયાદ વંચાણે લઈ રાધનપુર પો.સ્ટે.ગુના રજીસ્ટર નંબર–૧૧૨૧૭૦૨૭૨૧૧૩૮૭/૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૨૬, ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૩૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરેલો અને તે અંગેની સ્ટેશન ડાયરીમા એન્ટ્રી નં.૦૬/૨૧ થી કલાક–૦૭:૩૦ વાગે નોંધ કરેલી. બાદ આ ગુનાની આગળની તપાસ ડેપ્યુટ હુકમથી ઈ.ચા.પો.ઈન્સ.શ્રી આર.કે.પટેલ નાઓને સોપેલી.તેમને ની.૩૭/૧ થી રજુ થયેલ ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, તેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ **આંક–૧૦૫** આપવામાં આવે છે.

**(૨૪.૧)** ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, લેખીત ફરીયાદ તે સી.આર.પી.સીની કલમ–૧૫૪ ના ફોર્મમાં ઉતારો કર્યા સિવાય તથા ડેપ્યુટ હુકમમાં હુકમ કર્યા સિવાય તેઓએ કોઈ અન્ય કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીને તેઓ મળેલ નથી અને ફરીયાદની તેમને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી નથી કે, તેમના ઉપરી અધિકારીના દબાણ વશ થઈ તેઓએ ખોટી ફરીયાદ દાખલ કરેલી.

(૨૫) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૨૦ તરીકે ગાંડાભાઈ રેવાભાઈ રબારીને આંક–૧૦૭** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, ગઈ તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ તેઓ રાધનપુર પો.સ્ટે.મા પો.ઈન્સ. તરીકે તેમનીફરજ બજાવતા હતા તે દરમ્યાન આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.પટેલ નાઓ કરતા હોઈ તેમની પાસેથી આ ગુનાની આગળની તપાસ તેઓએ સંભાળી લીધેલી. તપાસ સંભાળ્યા બાદ કાગળો વંચાણે લઈ કેસની હકીકતથી માહીતગાર થયેલ.બાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવી તેમજ ઈજા પામનારના સારવાર સર્ટી મેળવી કામમાં સામેલ રાખેલ.બાદ એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણનો અહેવાલ આવતા કામમા સામેલ રાખેલ.બાદ આ ગુનાની તપાસ દરમ્યાન કબજે લેવામાં આવેલ મુદ્દામાલ તેઓએ રવાનગી નોંધ ભરી એફ.એસ.એલ. અમદાવાદ તરફ તપાસણી અર્થે મોકલી આપેલ અને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ આવતા કામમાં સામેલ રાખેલ. તપાસના કાગળો વંચાણે લેતા આ કામે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો હોઈ નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલુ. તેમને માર્ક–૩૭/૩૨ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, જે ઈજા પામનાર સાહેદનુ બ્લડ સેમ્પલ ક્રોસ મેચીંગ માટે લેવા માટે મેડીકલ ઓફીસરશ્રી રાધનપુર નાઓને લખેલ યાદીની સ્થળપત છે. જેમા તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.જેને કામમા રજુ દાખલ **આંક–૧૦૮** આપવામા આવે છે. તેમને માર્ક–૩૭/૩૩ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે, જે સદર ગુનાના કામે એફ.આઈ.આર.મા ઈ.પી.કો કલમ–૩૦૨ તથા ૩૨૬ મુજબનો કલમ વધારો કરવા બાબતે મે.એડી.ચીફ જયુડી.મેજી. સાહેબશ્રી રાધનપુર નાઓને કરેલ રીપોર્ટની સ્થળપત છે, જેમા તેમની સહી છે જે તેઓ ખાળખી બતાવે છે.જેને કામમા રજુ દાખલ **આંક–૧૦૯** આપવામાં આવે છે. તેમને માર્ક–૩૭/૩૪ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, જે તપાસ

દરમ્યાન કબજે લીધેલ મુદામાલ એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલવા બાબતે ભરવામાં આવેલ રવાનગી નોંધની સ્થળપ્રત છે, જેમા તેમની સહી છે તથા તેમા સત્તા અંગેનું પ્રમાણપત્ર આપ્યા બાબતે ના પો.અધિ.શ્રી રાધનપુરની સહી છે, જે તેઓ ઓળખી બતાવે છે. જેને કામમા રજુ દાખલ **આંક–૧૧૦** આપવામાં આવે છે. તેમને માર્ક–૩૭/૩૬ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, જે એફ.એસ.એલ. અમદાવાદ નાઓએ તેમનો અસલ તપાસણી અહેવાલ મોકલી આપેલ તે અસલ તપાસણી અહેવાલ તથા તેનો ફોરવર્ડીગ પત્ર સાથે કુલ ચાર પાના છે જે તેઓએ કામમા સામેલ રાખેલ તે જ છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને કામમા રજુ દાખલ **આંક–૧૧૧** આપવામાં આવે છે. તેમને માર્ક–૧૦૨/૧ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, જે એફ.એસ.એલ. ગાંધીનગર નાઓએ તેમનો અસલ તપાસણી અહેવાલ મોકલી આપેલ તે અંગેનો ફોરવર્ડીગ પત્ર છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને કામમા રજુ દાખલ **આંક–૧૧૨** આપવામાં આવે છે. તેમને માર્ક–૧૦૨/૨ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, જે એફ.એસ.એલ.ગાં ધીનગરનો અસલ તપાસણી અહેવાલ કુલ ત્રણ પાના છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને કામમા રજુ દાખલ **આંક–૧૧૩** આપવામાં આવે છે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ હીનાબેન જીતાભાઈ ઠાકોરનુ નિવેદન તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ લીધેલુ જેમા તેઓએ તેમના રૂબરૂ તેમના નિવેદનમાં એવી હકીકત લખાવેલ હતી કે, તેઓ અને તેમના પતિ તેમના પિયર અમદાવાદ મુકામે રહી અને તેમના પતિ ગાડીઓ ભરવા તેમજ ખાલી કરવાની મંજુરીકામ કરી અને તેઓનુ ગુજરાન ચલાવી છે અને તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ સાતમના દિવસે તેઓ ત્યાં તેઓના ગામે માતાજીની પલ્લી ભરવાની હોય જેથી આવેલ હતાઈ અને તારીખ ૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સવારના આશરે સાડા નવેક વાગે તેઓ તથા તેમનાસાસુ શુરીબેન તથા તેમના પતિ જીતાભાઈ તથા તેમના જેઠ સુંડાભાઈનાઓ

તેમના જેઠ સુંડાભાઈના ઘરે બેઠેલ હતા તે વખતે તેમના જેઠ સુંડાભાઈએ તેમને વાત કરેલ કે, આજરોજ તેઓ સવારના નવ વાગે તેમના ઘરની આગળઆવેલ શૈલેષભાઈ રઘુભાઈ નાઈ ની દુકાન આગળઉભા હતા તે વખતે તેમના ગામની બાજુમાં આવેલ પ્રેમનગર(ધર્મનગર) ગામના ઠાકોર નરેશભાઈ ચીમનભાઈ નાઓ તેમનીનજીક દારૂ પીધેલી હાલતમાં આવી તેમને જેમ તેમ મનકાવે તેમ બોલતા હોય જેથી તેઓએ તેમને કહેલ કે તેઓ ત્યાં જાહેર રસ્તા ઉપર બોલશો નહીં.તેમ કહેતા તે તેમની ઉપર એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને તેમને મનફાવે તેમ બોલવા લાગેલ જેથી તેઓબન્ને વચ્ચે સામાન્ય ઝપાઝપી થતાં નજીક માંથી માણસો આવી જતાં તેઓ બંનેને છૂટા પાડેલ તે પછી તેઓ તેમનાઘરે આવતા રહેલ તેવી વાત તેઓને તેમના જેઠ સુંડાભાઈએ કરેલ હતી. અને ત્યારબાદ બપોરના આશરે સવા ત્રણેક વાગે તેઓતથા તેમનાપતિ જીવાભાઈ તથા ઝારા જેઠ સુંડાભાઈ તથા તેમના દેરાણી રમીલાબેનનાઓ તેમનાજેઠ સુંડાભાઈના ઘરે હાજર હતા. તે વખતે તેમના ઘરની સામેના ભાગે આવેલ ગરબી ચોકમાં મારો મારો નો અવાજ આવતાં તેમના પતિ બહાર જોવા ગયેલ અને તેઓએ ઘરેથી જોયેલ તો ચોકમાં એક બાઈક નીચે પડતું મુકીને બાઈક ઉપરથી નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર તથા તેમના દિકરા ચંદ્રશેખર જેના હાથમાં લોખંડનું ધારીયું તથા ભગતસિંહ જેના હાથમાં લાકડી હતી અને સં જયભાઈ જગદીશભાઈ ઠાકોર રહે.પ્રેમનગરવાળો એમ ચારેય જણા આવેલા હતા. અને ચંદ્રશેખરે તેમના પતિને કહેલ કે તારો ભાઈ સુંડો ક્યાં છે તેણે આજે તેના પિતાને કેમ માર માર્યો હતો જેથી તેને આજે જાનથી મારી નાખવો છે તેમ કહી મા–બેન સામી ભુંડી ગાળો બોલવા લાગતાં તેમના જેઠ સુંડાભાઈ દોડીને તે બાજુ ગયેલ અનેતેમની પાછળ પાછળ તેઓઅને તેમના દેરાણી રમીલાબેન દોડીને ગયેલ. તેવામાં તેમના સાસુ પણ વાડેથી આવી ગયેલ અને આ ત્રણેય જણાઓ તેમના જેઠ સુંડાભાઈને મારવા આવતા તેઓએ બચાવો બચાવો ની બુમો પાડતા તેમના ઘરની બાજુમાં રહેતા તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈ ઘરમશીભાઈ

ઠાકોર તથા તેમના પત્ની કમુબેનનાઓ પણ દોડી આવેલ અને તેમના જેઠ સુંડાભાઈની વચ્ચે પડી આ લોકોને કહેલ કે તમે તમારા ઘરે જતા રહો અને ઝઘડો કરશો નહી પરંતુ તે વખતે ચંદ્રશેખરે તેમના કાકા સસરાને કહેલ કે તમે વચ્ચે ન આવતા આ બધાને તો આજે જાનથી મારી નાખવા છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ચંદ્રશેખરે તેના હાથમાંનું લોખંડનું ધારીયું તેમના કુટુંબી કાકા સસરા વરસંગભાઈ ધરમશીભાઈ ઠાકોરને જાનથી મારી નાખવાના ઈરાદે તેમના માથાના ભાગે મારતાં તેઓને લોહી નીકળતાં તેઓ બેભાન થઈ નીચે પડી જતાં તેમના દેરાણી રમીલાબેન વચ્ચે પડતાં ચંદ્રશેખરે તેના હાથમાંનું ધારીયું તેમના દેરાણી રમીલાબેનને ડાબા હાથ ઉપર મારતાં તેમને લોહી નીકળવા લાગેલ. તેમજ ભગતસિંહ તેના હાથમાંની લાકડી તેમના પતિને ડાબા હાથના કાંડાના ભાગે મારતાં તેઓ દોડીને તેમના પતિની વચ્ચે પડતાં નરેશભાઈએ તેમને ગડદાપાટુનો માર મારતાં તેમને છોડાવવા તેમના જેઠ આવતા ભગતસિંહે તેમના જેઠ સું ડાભાઈને પકડીને નીચે પાડીને ગડદા પાટુનો માર મારેલ જે ઝઘડામાં વધુ બુમાબુમનો અવાજ થતાં નજીકમાંથી તેમના પાડોશી ભુરીબેન વા/ઓ હેમંતભાઈ ઠાકોર તથા શૈલેષભાઈ રવાભાઈ ઠાકોર વિગેરે નાઓ દોડી આવેલ અને તેઓ બધાને આ લોકોની વધુ મારમાંથી બચાવેલ અને આ માણસોને સમજાવીને તેઓના ઘરે મોકલેલ. તેઓ જતા જતા પણ કહેતા હતા કે આજે તો આ બધા માણસો આવી જતા તમે બધા બચી ગયેલ છે પરંતુ લાગ આવેથી તેઓ બધાને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા આપતા તેઓ લઈ આવેલ હથિયારો લઈ અને તેઓના બાઈકમાં નિકળી ગયેલ હતા અને તેવામાં ત્યાં ઘણાબધા માણસો ભેગા થયેલ હોય અને તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈ બેભાન હોય જેથી તેમના ગામના પ્રકાશભાઈ લાલાભાઈ ચૌધરીએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં ૧૦૮ ની ગાડી તેમના ઘરે આવતાં ૧૦૮ માં તેમના કુટુંબી કાકા વરજંગભાઈ ઘરમશીભાઈ ઠાકોર તથા તેમના દેરાણી રમીલાબેનને તેમના પતિ

જીતાભાઈ તથા તેમના દિયરજીજ્ઞેશભાઈ તથા તેમના કુટુંબી જેઠાણી ભુરીબેન વા/ઓ હેમંતભાઈનાઓ ૧૦૮માં રાધનપુર સરકારી દવાખાને લઈ જતાં ડોકટર સાહેબે તેમના કુટંબી કાકા સસરા વરજંગભાઈ ધરમશીભાઈ તથા તેમના દેરાણી રમીલાબેનની પ્રાથમિક સારવાર કરી.વધુ સારવાર સારૂ આગળ રીફર કરતાં પાટણ જનતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરેલ છે અને હાલમાં ત્યાં સારવાર હેઠળ છે અને તેમના દેરાણીને હાથ ઉપર વાગેલ હોય તેમને સારૂ છે પરંતુ તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈને માથાના ભાગે હેમરેજ થયેલ હોવાનું ડોકટર સાહેબે કહેલ છે અને તેઓ હજુ સુધી ભાનમાં આવેલા નથી અને સારવાર હેઠળ છે. અને તેમને સામાન્ય ગડદાપાટુનો માર વાગેલ હોય જેથી તેઓએ કોઈ સારવાર લીધેલ નથી. અને બનાવ વખતે તેઓ હાજર હતા બનાવ તેઓએ નજરે જોયેલ છે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ રમીલાબેન જીગ્નેશભાઈ ઠાકોરનુ નિવેદન તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ લીધેલુ જેમા તેઓએ તેમના રૂબરૂ તેઓના નિવેદનમાં એવી હરીકત લખાવેલ હતી કે, ગઈ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ બનેલ મારા-મારીના બનાવ બાબતપુછતાં લખાવે છે કે, ગઈ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સવારના નવેક વાગ્યાના સુમારે તેમના જેઠ તેમના ઘર પાસે આવેલ શૈલેષભાઈ રઘુભાઈ નાઈની દુકાનની આગળ ઉભા હતા તે વખતે તેમના ગામની બાજુમાં આવેલ પ્રેમનગર(ધર્મનગર) ગામના ઠાકોર નરેશભાઈ ચીમનભાઈ નાઓએ દારૂ પીધેલી હાલતમાં આવી તેમના જેઠ સુંડાભાઈને જેમ તેમ મનફાવે તેમ બોલી ઝપાજપી કરેલ હોય જેથી બપોરના સમયે તેઓ તથા તેમના જેઠ જીતાભાઈ તથા જીતાભાઈની પત્ની હિનાબેન એમ તેઓ બધા તેમના જેઠ સુંઠાભાઈના ઘરે સમાચાર લેવા ગયેલા.તેઓ સુંડાભાઈ ઘરે હાજર હતા તે વખતે સુંડાભાઈના ઘરની સામેના ભાગે આવેલ ગરબી ચોકમાં મારો-મારોનો અવાજ આવતાં તેમના જેઠ જીતાભાઈ ઘરની બહાર જોવા ગયેલ અને તેઓએ ઘરેથી જોયેલ તો ચોકમાં એક બાઈક

નીચે પડતું મુકીને બાઈક ઉપરથી ચાર જણાઓ જેમાં નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર તથા તેમના દિકરા ચંદ્રશેખર જેના હાથમાં લોખંડ નું ધારીયું તથા ભગતસિંહ જેના હાથમાં લાકડી હતી અને એક છોકરો હતો જેનું નામ તેમને આવડતુ નથી પરંતુ તેને જોયેથી તેઓ ઓળખે છે. એન આ ચારેય જણાઓમાં ચંદ્રશેખરે તેમના જેઠ જીતાભાઈને કહેલ કે તારો ભાઈ સુંડો કયાં છે તેણે આજે તેમના પિતાને કેમ માર માર્યો હતો જેથી તેને આજે જાનથી મારી નાખવો છે તેમ કહી મા–બેનસામી ભુંડી ગાળો બોલવા લાગતાં તેમના જેઠ સુંડાભાઈ દોડીને તે બાજુ ગયેલ. તેમની પાછળ–પાછળ તેઓ અને તેઓ અને તેમના જેઠાણી હીનાબેન દોડીને ગયેલ અને ત્યાં સુધીમાં તેમના સાસુ પણ વાડેથી આવી ગયેલ અને ઠાકોર નરેશભાઈ નથા તેના બે છોકરા ભગતસિંહ અને ચંદ્રશેખર નાઓ તેમના જેઠ સુંડાભાઈને મારવા આવતા તેઓએ બચાવો બચાવો ની બુમો પાડતા તેમના ઘરની બાજુમાં રહેતા તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈ ઘરમશીભાઈ ઠાકોર દોડી આવેલ અને તેમના જેઠ સુંડાભાઈની વચ્ચે પડી આ લોકોને કહેલ કે, તેઓ તેમના ઘરે જતા રહે અને ઝઘડો કરે નહી પરંતુ તે વખતે ચંદ્રશેખરે તેમના કાકા સસરાને કહેલ કે તેઓ વચ્ચે ન આવે આ બધાને તો આજે જાનથી મારી નાખવા છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ચંદ્રશેખરે તેના હાથમાંનું લોખંડનું ધારીયું તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈ ઘરમશીભાઈ ઠાકોર નાઓને જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે મારતાં તેઓને લોહી નીકળતાં તેઓ બેભાન થઈ નીચે પડી ગયેલા.જેથી તેઓ વચ્ચે પડતાં ચંદ્રશેખરે તેના હાથમાંનું ધારીયું તેમના ડાબા હાથ ઉપર મારતાંતેમને પણ લોહી નિકળવા લાગેલું અને આ વખતે ભગતસિંહે તેના હાથામાંની લાકડી તેમના જેઠ જીતાભાઈના ડાબા હાથના કાંડાના ભાગે મારતાં તેમના જેઠાણી હીનાબેન દોડીને વચ્ચે પડતાં નરેશભાઈએ હીનાબેનને ગડદાપાટુનો માર મારતાં તેને છોડાવવા તેમના જેઠ સુંડાભાઈ આવતા ભગતસિંહ તેમના જેઠ સું ડાભાઈને પકડીને નીચે પાડીને ગડદાપાટુનો માર મારેલ અને ઝઘડામાં વધુ

બુમાબુમનો અવાજ થતાં નજીકમાંથી તેમના પાડોહી કમુબેન વરજુગભાઈ ઠાકોર નથા ભુરીબેન વા/ઓ હેમંતભાઈ ઠાકોર તથા શૈલેષભાઈ રવાભાઈ ઠાકોર વિગેરેનાઓ દોડી આવેલ. તેઓ બધાને આ લોકોની વધુ મારમાંથી બચાવેલ અને આ માણસોને સમજાવીને તેઓના ઘરે મોકલેલ ત્યારે તેઓ જતા જતા પણ કહેતા હતા કે આજે તો આ બધા માણસો આવી જતા તેઓ બધા બચી ગયેલ છે પરં તુ લાગ આવેથી તેઓ બધાને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા આપતા આ ચારેય જણાઓ તેઓના હથિયારો લઈ અને જતા રહેલ હતા. અને તેવામાં ત્યાં ઘણા બધા માણસો ભેગા થયેલ હોય અને તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈ બેભાન હોય જેથી તેમના ગામના પ્રકાશભાઈ લાલાભાઈ ચૌધરીએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો હતો અને તેમના પતિ જીજ્ઞેશભાઈ જેઓ સવારના ખેતરમાં કામે ગયેલા હોય જેઓ પણ ઘરે આવી ગયેલ અને ૧૦૮ ગાડી તેઓના ઘરે આવતાં ૧૦૮ માં તેમના કુટુંબી કાકા વરજંગભાઈ ધરમશીભાઈ ઠાકોર તથા તેમને તેમના પતિ જીજ્ઞેશભાઈ તથા તેઓના જેઠ જીતાભાઈ તથા તેમના કુટુંબી જેઠાણી ભુરીબેન વા/ઓ હેમંતભાઈનાઓ રાધનપુર સરકારી દવાખાને લઈ જતાં ડોકટર સાહેબે તેમની સારવાર કરી. વધુ સારવાર સારુ આગળ રીફર કરતાં તેમને પાટણ જનતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરેલ અને તેમના કુટુંબી કાકા સસરા વરજંગભાઈને માથાના ભાગે હેમરેજ થયેલ હોવાનું ડોકટર સાહેબે કહેલ છે એન તેઓ હજુ સુધી બેભાન છે. અને સારવાર હેઠળ છે. અને તેમને ડાબા હાથે ઈજા થયેલ હોય તેમની પણ સારવાર ચાલુમાં છે. આ બનાવ વખતે તેઓ હાજર હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ છે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ કમુભાઈ વરજંગભાઈ ઠાકોરનુ નિવેદન તા. ૨૦/૧૦/૨૦૨૧ ના રોજ લીધેલુ જેમા તેઓએ તેમના રૂબરૂ તેમના નિવેદનમાં એવી હકીકત લખાવેલ હતી કે, ગઈ તા.૧૫/૧૦/૨૦૨૧ ના બપોરના આશરે સવા ત્રણેક વાગે તેઓ તથા તેમના પતિ વરજંગભાઈ તેમના ઘરે હાજર હતા.તે વખતે તેમના

ઘરની પાસે રહેતા તેમના કુટુંબી ભત્રીજા સુંડાભાઈ મફાભાઈ ઠાકોરના ઘરે ઝઘડાનો બુમાબુમનો અવાજ થતાં તેમના પતિ વરજંગભાઈ દોડીને ગયેલા હતા અને ત્યારબાદ તેઓ પણ દોડીને તેમના ઘરે જઈને જોયેલ તો ચાર જણાઓ જેમાં તેમના ગામની બાજુમાં આવેલ પ્રેમનગર(ધર્મનગર) ગામના નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર તથા તેમના દિકરા ચંદ્રશેખર જેના હાથમાં લોખંડનું ધારીયું તથા ભગતસિંહ જેના હાથમાં લાકડી હતી તથા કા.સ.કી. રહે.પ્રેમનગર વાળો હતો. આ વખતે તેઓએ જોયેલ તો સુંડાભાઈના આંગણામાં તેમના પતિ વરજંગભાઈ બેભાન હાલતમાં નીચે પડેલ હતા અને તેમને માથામાંથી લોહી નિકળતું હતું અને રમીલાબેન વા/ઓ જીજ્ઞેશભાઈ  નાઓને ડાબા હાથે લોહી નિકળતું હતું અને આ ચારેય જણાઓ બોલતા હતા કે આ લોકોને તો આજે જાનથી મારી નાખવા છે અને ગાળો બોલતા હતા અને તેવામાં બીજા પણ ઘણા બધા માણસો આવતાં આ લોકોને તેઓએ સમજાવીને ત્યાંથી કાઢેલ તો તેઓ જતા જતા પણ કહેતા હતા કે આજે તો આ બધા માણસો આવી જતા તેઓ બધા બચી ગયેલ છો પરંતુ લાગ આવેથી તેઓ બધાને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા આપતા તેઓ લઈ આવેલ હથિયારો સાથે તેઓના બાઈકમાં નીકળી ગયેલ હતા. તેમના પતિ વરજંગભાઈને ઈજા થતા બેભાન હોય જેથી તેમના ગામના પ્રકાશભાઈ લાલાભાઈ ચૌધરીએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં ૧૦૮ ની ગાડી આવતાં ૧૦૮ માં તેમના પતિ વરજંગભાઈને તથા રમીલાબેનને તેમના કુટુંબી ભત્રીજા જીતાભાઈ તથા ભુરીબેન હેમંતભાઈ રાધનપુર સરકારી દવાખાને લઈ ગયેલ અને તેઓ પ્રાઈવેટ વાહનમાં ત્યાં ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે પ્રાથમિક સારવાર કરી અને વધુ સારવાર સારુ આગળ રીફર કરતા તેમના પતિ વરજંગભાઈ અને રમીલાબેનને તેઓ પાટણ જનતા હોસ્પિટલમાં વધુ સારવાર સારુ લાવેલા હતા. માથાના ભાગે હેમરેજ થયેલ હોવાનું ડોકટર સાહેબે કહેલ છે અને તેઓ હજુ સુધી બેભાન છે. અને સારવાર હેઠળ છે. અને રમિલાબેનને પણ

ડાબા હાથે ઈજા થયેલ હોય તેમને પણ સારવાર ચાલુ છે. અને તેમને વાતોવાતથી જાણવા મળેલ કે નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર રહે.પ્રેમનગર(ધર્મનગર) વાળા અને સુંડાભાઈ મફાભાઈ ઠાકોર નાઓને તા.૧૫/૧૦/૨૦૨૧ ના સવારે તેમના ગામના ગરબી ચોકમાં નાથીની દુકાન પાસે બોલાચાલી અને ગાળાગાળીથયેલ જેની અદાવત રાખીને આ નરેશભાઈ ઘરે જઈને તેમના બંને દિકરાઓને બાઈકમાં હથિયારો સાથે તેમજ કા.સ.કી.અને જગદીશભાઈ ઠાકોર રહે.પ્રેમનગર વાળાને લઈ આવી અને આ ઝઘડો કરેલ છે અને જેમાં તેઓને પણ વાગેલ છે. અને તેમના પતિ હાલમાં જનતા હોસ્પિટલના આઈ.સી.યુ.માં બેભાનમાં હાલતમાં સારવાર હેઠળ છે. તેઓને લાગ્યા પછી ભાનમાં આવેલ નથી. અને તેમના પતિ કપડા રમીલાબેને આપ સાહેબ સમક્ષ રજુ કરેલ છે. તેઓએ આ કામે તપાસ દરમ્યાન સાહેદ સુંડાભાઈ મફાભાઈ ઠાકોરનુ નિવેદન તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ લીધેલુ જેમા તેઓએ તેમના રૂબરૂ તેમના નિવેદનમા એવી હકીકત લખાવલી હતી કે, ગઈ તા.૧ ૫/૧૦/૨૦૨૧ ના રોજ સવારના સાડા નવેક વાગ્યાના સુમારે તેમના ઘરેથી ભેંસો લઈ અને તેમના ખેતરે જતા હતા તે વખતે તેમના ગામ શેરગંજના શૈલ ેષભાઈ રઘુભાઈ નાઈની દુકાન પાસે પહોંચતા નરેશભાઈ ચિમનભાઈ ઠાકોર ત્યાં રસ્તામાં વચ્ચે ઉભેલો હોય જેને તેઓએ થોડો સાઈડમાં રહેવા સારૂ કહેલ તો આ નરેશભાઈ દારૂ પીધેલી હાલતમાં હોય જે તેઓને જેમ-તેમ ગાળો આપવા લાગેલો જેથી તેઓએ ગાળો આપવાની ના પાડતા નરેશભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને તેમના બન્ને વચ્ચે સામાન્ય ઝપાઝપી થતા ત્યાં હાજર ગામના બીજામાણસોએ તેઓને છોડાવેલા અને તેઓ પોતાના ઘરે પરત આવી ગયેલા. તેમના ભાઈ જીતાભાઈ જેઓ અમદાવાદથી બે દિવસ પહેલા માતાજીની પલ્લી ભરવા સારૂ આવેલા હોય તેઓ તથા તેમના પત્નિ હિનાબેન તથા તેમના મમ્મી ભુરીબેનનાઓ ઘરે હોય જેમને તેઓએ તેમની સાથે બનેલ આ બનાવની વાત કરેલ હતી. અને ત્યારબાદ બપોરના આશરે સવા ત્રણેક વાગે તેઓ તથા તેમના ભાઈ

જીતાભાઈ તથા જીતાલાઈની પત્નિ હિનાબેન તથા તેમના નાનાભાઈ જીજ્ઞેશભાઈની પત્ની રમીલાબેનનાઓ તેમના ઘરે હજર હતા તે વખતે તેમના ઘરની સામેના ભાગે આવેલ ગરબી ચોકમાં મારો–મારોનો અવાજ આવતાં તેમના ભાઈ જીતાભાઈ ઘરની બહાર ગયેલા અને તેમની પાછળ પાછળ તેઓ તથા રમીલાબેન તથા હિનાબેન પણ ગયેલા. તેમના મમ્મી તેઓના વાડામાં ભેંસોને ચારો નાખવા સારૂ ગયેલા હોય તેઓ પણ આવી ગયેલા અને તેઓ ઘરની બહાર જઈને જોયેલ તો ચોકમાં એક બાઈક નીચે પડતું મુકીને બાઈક ઉપરથી નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર તથા તેમના દિકરા ચંદ્રશેખર જેના હાથમાં લોખંડનું ધારીયું તથા ભગતસિંહ જેના હાથમાં લાકડી હતી અને કા.સ.કી. રહે.પ્રેમનગરવાળો એમ ચારેય જણા આવેલા હતા. અને તેઓ જેમ–તેમ બોલતા હતા અને ચંદ્રશેખરે જીતાભાઈને કહેલ કે તારો ભાઈ સુંડો કયાં છે તેણે આજે તેના પિતાને કેમ માર માર્યો હતો. જેથી તેને આજે જાનથી મારી નાખવો છે તેમ કહી મા–બેન સામી ભુંડી ગાળો બોલવા લાગેલો અને આ ચારેય જણાઓ તેમને મારવા આવતા તેઓએ બચાવો બચાવો ની બુમો પાડતા તેમના ઘરની બાજુમાં રહેતા તેમના કુટુંબી કાકા વરજંગભાઈ ઘરમશીભાઈ ઠાકોર દોડી આવેલા અને તેમની વચ્ચે પડી આ લોકોને કહેલ કે તમે તમારા ઘરે જતા રહો અને ઝઘડો કરશો નહી પરંતુ તે વખતે ચંદ્રશેખરે તેમના કાકાને કહેલ કે તેઓ વચ્ચે ન આવતા આ બધાને તો આજે જાનથી મારી નાખવા છે તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ ચંદ્રશેખરે તેના હાથમાંનું લોખંડનું ધારીયું તેના કુટું બી કાકા વરસંગભાઈ ઘરમશીભાઈ ઠાકોરને જાનથી મારી નાખવાના ઈરાદે તેમના માથાના ભાગે મારતાં તેઓને લોહી નીકળતાં તેઓ બેભાન થઈ નીચે પડી ગયેલા. તેમના નાનાભાઈ જીજ્ઞેશભાઈની પત્ની રમીલાબેન વચ્ચે પડતાં ચંદ્રશેખરે તેના હાથમાંનું ધારીયરમીલાબેનને ડાબા હાથ ઉપર મારતાં તેમને લોહી નિકળવા લાગેલ તેમજ ભગતસિંહ તેના હાથમાંની લાકડી તેમના ભાઈ જીતાભાઈને ડાબા હાથના કાંડાના ભાગે મારેલી અને જીતાભાઈની પત્ની હિનાબેન

દોડીને વચ્ચે પડતાં નરેશભાઈએ હિનાબેનને ગડદાપાટુનો માર મારવા લાગેલો. તેઓ છોડાવવા જતા ભગતસિંહે તેમને પકડીને નીચે પાડીને ગડદાપાટુનો માર મારેલ જે ઝઘડામાં વધુ બુમાબુમનો અવાજ થતાં નજીકમાંથી તેમના પાડોશી ભુરીબેન વા/ઓ હેમંતભાઈ ઠાકોર તથા શૈલેષભાઈ રવાભાઈ ઠાકોર તથા કમુબેન વરજંગભાઈ ઠાકોર વિગેરે નાઓ દોડી આવેલ અને તેઓ બધાને આ લોકોની વધુ મારમાંથી બચાવેલ અને આ માણસોને સમજાવીને તેમના ઘરે મોકલેલ તો તેઓ જતા જતા પણ કહેતા હતા કે આજે તો આ બધા માણસો આવી જતા તેઓ બધા બચી ગયેલ છો પરંતુ લાગ આવેથી તેઓ બધાને જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપતા આપતા તેઓ લઈ આવેલ હથિયારો લઈ અને તેઓના બાઈકમાં નીકળી ગયેલ હતા. તેવામાં ત્યાં ઘણાબધા માણસો ભેગા થયેલ હોય અને તેમના કુટુંબી કાકા વરજંગભાઈ બેભાનહોય જેથી તેમના ગામના પ્રકાશભાઈ લાલાભાઈ ચૌધરીએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં ૧૦૮ ની ગાડી તેમના ઘરે આવતાં ૧૦૮ માં તેમના કુટુંબી કાકા વરજંગભાઈ ઘરમશીભાઈ ઠાકોર તથા તેમના નાનાભાઈ જીજ્ઞેશભાઈની પત્નિ રમીલાબેનને તેમના ભાઈ જીતાભાઈ તથા તેમના ભાઈ જીજ્ઞેશભાઈ તથા તેમના કુટુંબી ભાભી ભુરીબેન વા/ઓ હેમંતભાઈનાઓ૧૦૮ માં રાધનપુર સરકારી દવાખાને લઈ ગયેલા હતા અને તેઓ તેમના ઘરે રહેલા હતા. ડોકટર સાહેબે વરજંગભાઈ ઘરમશીભાઈ તથા રમીલાબેનની પ્રાથમિક સારવાર કરી અને વધુ સારવાર સારુ આગળ રીફર કરતાં પાટણ જનતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરેલ હતા અને તેઓ બીજા દિવસે પાટણ ગયેલા હતા. અને વરજંગભાઈ સારવાર દરમ્યાન તા. ૨૩/૧૦/૨૦૨૧ ના રોજ મરણ ગયેલ હતા. અને આ ઝઘડામાં તેમને ભગતસિંહ ગડદાપાટુનો માર મારેલો હતો પરંતુ તેઓએ કોઈ સારવાર લીધેલ ન હતી. અને આ ઝઘડા દરમ્યાન તેઓએ સામાવાળાઓને કોઈ માર મારેલ ન હતો પરંતુ ઝઘડા દરમ્યાન અંદરો અંદર તેમના હથિયારો વડે ઈજાઓ થયેલી હશે.

અને તેમને માર મારનાર નરેશભાઈ તથા તેમના બે દિકરાઓ ચંદ્રશેખર તથા ભગતસિંહ તથા કા.સ.કી. રહે.પ્રેમનગર વાળો હતો. અને એ લોકો તેમને મારતા હોઈ જેથી તેઓ પોતાના બચાવ કરવા સારૂ તેમના ઘરેથી લાકડી લઈનેગયેલો હતો પરંતુ લાકડી તેઓએ કોઈને મારેલી ન હતી. જે લાકડી આ બરાબર રજુ કરે છે. અને બનાવ વખતે તેઓ હાજર હતા. બનાવ તેઓએ નજરે જોયેલ છે.

**(૨૫.૧)** ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, ફરીયાદીનું વિશેષ નિવેદન તેઓએ પોતાની રીતે તપાસને અનુરૂપ ખોટી રીતે ઉભુ કરી દિધેલુ. એ વાત ખરી નથી કે, ફરીયાદીના વિશેષ નિવેદન જે તેઓએ ખોટી હકીકતોને આધારે નોંધેલ તેના આધારે તેઓએ અન્ય સાહેદોના નિવેદનો પો.સ્ટે.બેસીને તેમની રીતે ખોટી ફરીયાદને અનુરૂપ લખી લીધેલા. એ વાત ખરી નથી કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો પડતો ન હોવા છતા આરોપીઓ વિરૂધ્ધ ખોટી તપાસ કરી ખોટા પુરાવા ઉભા કરી આરોપીઓની ખોટી રીતે અટક કરી આરોપીઓ વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, ખોટી ફરીયાદના આધારે કરેલી ખોટી તપાસના સમર્થનમા સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**<u>પોલીસ સાહેદો:-</u>**

**(૨૬)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૨૧ તરીકે પ્રકાશભાઈ મુળાભાઈ કાળમાને આંક-૧૧૪** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ તેઓ રાધનપુર પો.સ્ટે.મા પો.સ.ઈ.તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દિવસે રાધનપુર પો.સ્ટે.ના પી.એસ.ઓ.શ્રીએ તેમને લેખિતમાં યાદી આપેલી અને તેમા જણાવેલ કે,

મારીમારીમાં ઈજા પામનાર વરસંગભાઈ ધરમશીભાઈ ઠાકોર, રહે.કુણશેલા વાળાનુ નિવેદન લેવા બાબતે પાટણ સીટી બી ડીવીઝનથી ટેલીફોન વર્ધી આવેલ તે આધારે લેખિત યાદી આપતા તેઓ પાટણ જનતા હોસ્પિટલ ખાતે ગયેલા અને ત્યા જઈ ઈજા પામનાર નિવેદન આપી શકે તેવી સ્થિતીમાં છે કે કેમ તે બાબતે ડોકટર શ્રીને પુછતા ઈજા પામનાર નિવેદન આપી શકે તેવી સ્થિતીમા ન હોવાનુ જણાવતા ત્યા હાજર તેઓના ભત્રીજા જીતાભાઈ મફાભાઈ નાઓએ તેમની રૂબરૂ તા.૧૬/૧૦/૨૦૨૧ ના રોજ કલાક–૦૧:૦૦ વાગ્યાના સમયે તેમની રૂબરૂમાં લખી લેવામાં આવેલી અને ત્યારબાદ તે ફરીયાદ તેઓને વાંચી સંભળાવતા તેમના લખાવ્યા મુજબની ખરી અને બરોબર હોઈ ફરીયાદીએ તેમાં તેમની રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂમાં તેઓએ પોતાની સહી કરેલી. જે અસલ ફરીયાદ આ કામે આંક–૯૬ થી રજુ છે જે તેમને બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીએ તેમની રૂબરૂમાં પોતાની સહી કરેલ છે અને રૂબરૂમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓ પરત રાધનપુર પો.સ્ટે.આવેલા અને આ ફરીયાદ ગુનો દાખલ થવા સારૂ પી.એસ.ઓ.શ્રીને સોપેલ. તેમને નિ.૩૭/૨૧ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, આ એફ.આઈ.આર.ની ઓનલાઈન ખરી નકલ છે જે તેઓ ઓળખી બતાવે છે. જેને કામમા રજુ દાખલ **આંક–૧૧૫** આપવામાં આવે છે. આ કામના ફરીયાદીએ તેમની રૂબરૂ તેઓની તા.૧૬/૧૦/૨૦૨૧ ની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ હતી કે, ગઈ તા.૧૫/૧૦/૨૦૨૧ ના રોજ સવારના આશરે નવેક વાગે તેઓ તેમના ઘરે હાજર હતા તે દરમ્યાન તેમનો મોટો ભાઈ સું ડાભાઈ ઘરે આવેલ અને તેમને કહેલ કે આજરોજ તેઓ સવારના નવેક વાગે તેઓના ઘરની આગળ આવેલ શૈલેષભાઈ રઘુભાઈ નાયીની દુકાનની આગળ ઉભા હતા તે દરમ્યાન તેઓના ગામની બાજુમાં આવેલ પ્રેમનગર(ધર્મનગર) ગામના ઠાકોર નરેશભાઈ ચીમનભાઈનાઓ તેમની નજીક દારૂ પીધેલ હાલતમાં આવી જેમતેમ મન

ફાવે તેમ બોલી બોલતા હોય જેથી તેઓએ તેમને કહેલ કે તેઓ અહી જાહેર રસ્તા પર બોલશો નહી તેમ કહેતા તે તેમની ઉપર એકદમ ઉશ્કેરાઈ ગયેલ. તેને મનફાવે તેમ બોલવા લાગેલો. જેથી તેઓ બંને વચ્ચે સામાન્ય ઝપાઝપી થતાં નજીકમાંથી માણસો આવી જતાં તેઓ બંનેને છુટા પાડેલા. તે પછી તેઓ પોતાના ઘરે જતા રહેલા. તેવી વાત તેમના ભાઈએ તેમને કહેલી. તે પછી બપોરના આશરે સવા એક વાગે તેઓ તેમના ભાઈ સુંડાભાઈના ઘરે તેઓ તથા તેમની પત્નિ હીનાબેન તથા તેમના નાનાભાઈ જીગ્નેશની પત્નિ રમીલાબેન તથા તેમના ભાઈ સુંડાભાઈ એ રીતના તેમના ઘરે હાજર હતા તે દરમ્યાન ઘરની બહાર આવેલ ગરબી ચોકમાં મારો મારોની બુમનોઅવાજ આવતા તેઓ ઘરની બહાર નીકળેલા તો પ્ર ેમનગર(ધર્મનગર) ગામના ઠાકોર નરેશભાઈ ચીમનભાઈ તથા તેમના દીકરા ચં દ્રશેખર હાથમાં ધારીયુ લઈને તથા તેમનો બીજો દીકરો ભગતસિંહ હાથમાં લાકડી લઈ મો.સા.સાથે ઉભેલ હતો.આ ચંદ્રશેખર કહેતો હતો કે તારો ભાઈ સુંડાભાઈ કયાં છે તેને આજે તેમના પિતાને કેમ માર્યો તો જેથી તેને આજે જાનથી મારી નાખવો છે તેમ કહી મા બેન સામે ભુંડી ગાળો બોલતો હતો જેથી ઘરમાંથી આ તેમની પત્નિ હીનાબેન તથા તેમનો ભાઈ સુંડાભાઈ તથા તેમના ભાઈ જીગ્નેશભાઈના પત્નિ રમીલાબેન દોડીને આવેલ અને તે દરમ્યાન તેમની બાજુમાં રહેતા કૌટુંબીક કાકા વરશંગ ભાઈ ધરમશીભાઈ ઠાકોરનાઓ દોડીને આવેલ અને ત્યારે પણ આ ચંદ્રશે નાઓ કહેતા હતા કે તેઓને બધાને જાનથી મારી નાખવા છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ તેમના હાથમાંનું ધારીયું તેમના કૌટુંબીક કાકા વરસંગભાઈ ધરમશીભાઈ ઠાકોરનાઓને જાનથી મારી નાખવા તેઓના હાથમાં રહેલ ધારીયું તેઓના માથાના ભાગે મારી દીધેલ. તેઓને લોહી નીકળતા તેઓ બેભાન થઈ નીચે પડી ગયેલ અને તે પછી આ ચંદ્રશેખરે પોતાના હાથમાંનું ધારીયુ તેમના ભાઈ જીગ્નેશની પત્નિને ડાબા હાથ પર મારેલુ તેમજ આ ભગતસિંહનાઓ તેમના હાથમાં

રહેલ લાકડી તેમને ડાબા હાથના કાંડાના ભાગે મારેલ અને આ નરેશભાઈ નાઓને તેમની પત્નિને ગડદાપાટુનો માર મારેલ. તેમજ આ ભગતસિં હનાઓએ તેમના સુંડાભાઈને ગડદાપાટુનો માર મારેલ. તે દરમ્યાન તેઓ બધા બુમાબુમ કરતાં નજીકમાંથી માણસો ભેગા થઈ જતાં તેઓ બધાને વધુ મારમાંથી છોડાવેલા. આ માણસો તેમના ઘર તરફ જતાં જતાં કહેતા હતા કે આજે તો તેઓ બધા માણસો આવી જતાં તેઓ બધા બચી ગયેલ છો પરંતુ લાગ આવેથી તેઓ બધાને જાનથી મારી નાખીશુ. તેવી જાસા ધમકી આપતાં આપતાં તેમના ઘર તરફ અને ત્યારબાદ આ ટોળામાંથી કોઈએ ૧૦૮ મોબાઈલને ફોન કરતાં ૧૦૮ મોબાઈલ સ્થળ ઉપર આવી ગયેલ અને જે ૧૦૮ માં તેઓ તથા તેમના કૌટુંબીક કાકા વરસંગભાઈ ઘરમશીભાઈ ઠાકોર તથા તેમના જીગ્નેશભાઈની પત્નિ રમીલાબેન એ રીતના ત્રણેય ૧૦૮ માં બેસી રાધનપુર સરકારી હોસ્પિટલ આવેલ. ફરજ પરના ડોકટર સાહેબે આ તેમના કૌટુંબીક કાકા વરસંગભાઈ તથા તેમના ભાઈની પત્નિરમીલાબેનની સારવાર કરેલ એન તેમને સામાન્ય ઈજા થયેલ અને તેમને સામાન્ય ઈજા થયેલ હોઈ કોઈ સારવાર કરાવેલ ન હોય તે પછી ફરજ પરના ડોકટર સાહેબે તેમના કૌટુંબીક કાકા વરસં ગભાઈને વધુ સારવાર સારૂ તેમજ તેમના ભાઈની પત્નિ રમીલાબેનને પાટણ રીફર કરેલ અને તે પછી તેઓ તથા તેમના કૌટુંબીક કાકા વરસંગભાઈ તથા તેમના ભાઈની પત્નિ રમીલાબેન એ રીતતના તેઓ ત્રણેય એક ખાનગી વાનમાં બેસી પાટણ જનતા હોસ્પિટલમાં આવેલ. આ તેઓના કૌટુંબીક કાકા વરસંગભાઈ ઠાકોરનાઓને ન્યુરો ઓપરેશન થીયેટર આઈ.સી.યુ.વોર્ડના ખાટલા નં.૪ માં સારવાર સારૂ દાખલ કરેલા અને ફરજ ઉપરના ડોકટર સાહેબે તેમના કૌટુંબીક કાકા વરસંગભાઈનાઓને માથાના ભાગે હેમરેજ થયેલ હોવાનુ જણાવેલ અને તેઓ હાલમાં ઓપરેશન થીયેટરમાં ઓપરેશન હેઠળ છે જેથી આ ઉપરોકત ત્રણેય ઈસમો તેમને જાનથી મારી નાખવાના ઈરાદે આવેલ હોય જેથી ત્રણેય ઈસમો વિરુધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ.

**(૨૬.૧)** ત્યારબાદ સદર સાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે ,એ વાત ખરી નથી કે, ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખેલ નથી. એ વાત ખરી નથી કે, તેઓએ તેમની રીતે સગા–વ્હાલા તથા આગેવાનોના કહયા મુજબ ખોટી હકીકતોવાળી ફરીયાદ તેમની રીતે લખી લીધેલ.

(૨૭) આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં. ૨૨ તરીકે રમેશભાઈ કમાભાઈ પટેલને આંક–૧૩૩** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવાની સરતપાસમા મુખ્યત્વે એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા.૧૬/૧ ૦/૨૦૨૧ ના રોજ તેઓ રાધનપુર પો.સ્ટે.ખાતે ઈન્ચા.પો.ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન રાધનપુર પો.સ્ટે.ના પી.એસ.ઓ. તપાસનો ડેપ્યુટ હુકમ કરતા આગળની તપાસ તેઓએ સંભાળેલી. બાદ ફરીયાદીની ફરીયાદ તથા ડી.ડી.માટે પો.સ.ઈ.શ્રી પી.એમ.કાળમાનાઓએ આપેલ રીપોર્ટ વંચાણે લઈ તપાસના કામે સામેલ રાખેલ. બાદ ગુનાવાળી જગ્યાનો પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબનુ પંચનામુ લખી લીધેલુ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓ મળી આવતા અટક કરેલા અને આરોપીઓની શરીરસ્થિતીનુ તથા તેઓએ બનાવ સમયે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબજે કરેલા. ગુનામા વપરાયેલ મારક હથિયાર કબજે કર્યા અંગેનુ ડીસ્કવરી પંચનામુ કરેલુ. બાદ ગુનામા વપરાયેલ મો.સા.કબજે કર્યા અંગેનુ પં ચનામુ કરેલુ. આરોપીઓની મેડીકલ તપાસણી કરાવેલી તેમજ તપાસના કામે આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા માટે કાર્યવાહી કરેલી. બાદ આ ગુનામા ક્રોસ ફરીયાદ હોઈ જેની ફરીયાદ ગુનાના કામે સામેલ રાખેલ. બાદ તેમની બદલી સાઈબર સેલ રાધનપુર ખાતે થતા આ ગુનાની આગળની તપાસ પો.ઈન્સ.શ્રી જી.આર.રબારી સાહેબને આપેલી. તેમને આંક–૪૪ તથા ૫૦ થી રજુ થયેલ ડીસ્કવરી પંચનામુ બતાવવામા આવે છે જે જોઈને જણાવે છે કે, આ પંચનામા

તેઓએ પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ અને તેમા પંચોએ તેમની રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂ તરીકે તેઓએ પોતાની સહી કરેલી છે. જે તેઓ ઓળખી બતાવે છે.

**(૨૭.૧)** ત્યારબાદ સદર પંચસાહેદની આરોપીપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે , એ વાત ખરી નથી કે, આ કામે ખોટી હકીકતોના આધારે આપેલી ફરીયાદને અનુરૂપ સાહેદોના નિવેદનો તેઓએ પો.સ્ટે. બેસીને તેમની રીતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, ગુનાવાળી જગ્યાએ તેઓ ગયેલ નહી અને ગુનાવાળી જગ્યાનુ પંચનામું તેઓએ પોતાની રીતે પો.સ્ટે.બેસી લખી લીધેલુ તેમજ આ કામે કરેલ અન્ય પંચનામા પણ પો.સ્ટે.બેસી તેમની રીતે લખી લીધેલા અને પાછળથી તેમાં પંચોની સહીઓ કરાવી લીધેલ. એ વાત ખરી નથી કે, આ કામે આરોપીએ વિરૂધ્ધ કોઈ પુરાવો પડતો ન હોવા છતા આરોપીઓ વિરૂધ્ધ ખોટી તપાસ કરી આરોપીઓને ખોટી રીતે અટક કરેલા.

**<u>નિષ્કર્ષ:-</u>**

(૨૮) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે ગુનાવાળી જગ્યાના પંચ/સાહેદ પોપટભાઈને આંક-૩૭, સાહેદ નં.૩ તરીકે ઈન્કવેસ્ટ પંચનામાના પંચસાહેદ બેચરભાઈને આંક-૪૧, સાહેદ નં.૮ તરીકે મરણજનાર સાહેદના કપડા કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ જીતાભાઈને આં ક-૫૩ તથા સાહેદ નં.૧૦ તરીકે કા.સ.કિની ઓળખપરેડના પંચનામાના પંચસાહેદ રમેશભાઈને આંક-૬૧ થી તપાસવામાં આવેલ છે અને તેઓના સોગંદ ઉપરના પુરાવને વંચાણે લેતા આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો નીકળી આવતો નથી.

વધુમાં આ કામે મેડીકલ પુરાવાના સાહેદ નં.૧૧ તરીકે ડો.જતીનને આંક–૬૨, સાહેદ નં.૧૨ તરીકે ડો.જીનીયસને આંક–૭૧ તથા સાહેદ નં .૧૩ તરીકે ડો.અંકીતાને આંક–૮૪ થી તપાસવામાં આવેલ છે. આમ,આ ડોકટર સાહેદો ધ્વારા તપાસણી કરવામાં આવેલ તે મુજબનો પુરાવો આપેલ છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન કરતા પુરાવા મળી આવેલ નથી. આમ, આ પુરાવો વંચાણે લેતા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવા નીકળી આવતા નથી.

વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલા સમગ્ર લેખિત અને મૌખિક પુરાવાની સમીક્ષા કરીએ તો. આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ ઈજા પામનારા સાહેદ નં.૧૪ તરીકે ફરીયાદીને આંક–૯૫ થી, સાહેદ નં.૧૫ તરીકે હીનાબેનને આંક–૯૭ , સાહેદ નં.૧૬ તરીકે રમીલાબેનને આંક–૯૮ થી, સાહેદ નં.૧૭ તરીકે કમુબેન વરસંગભાઈ ઉર્ફે વરજંગભાઈ ઠાકોર(મરણ ગયેલ ના પત્ની) ને આંક–૯૯ થી તથા સાહેદ નં.૧૮ તરીકે સુંડાભાઈને આંક–૧૦૦ થી તપાસવામા આવેલ છે. જેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર થયેલ છે અને તેમની જુબાનીમાં આરોપી સામેના આંક–૧૬ ના તહોમત મુજબની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી.

વધુમાં આ કામે આંક–૧૯ થી રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાંના પં ચસાહેદને સાહેદ નં.૧ તરીકે આંક–૧૮ થી, તથા આ કામે આંક–૪૪ થી રજુ થયેલ આરોપીઓના મારક હથિયારના ડીસ્કવરી પંચનામાના, આંક–૫૦ થી રજુ થયેલ આરોપીના મો.સા.કબજે કર્યા અંગેના ડીસ્કવરી પંચનામાના તથા આંક–૬૦ થી રજુ થયેલ કા.સ.કિ.નુ ઓળખ પરેડના પંચનામાના પંચસાહેદોને સાહેદ નં.૪ તરીકે આં ક–૪૩, સાહેદ નં.૫ તરીકે આંક–૪૭, સાહેદ નં.૬ તરીકે આંક–૪૯, સાહેદ નં.૭ તરીકે આંક–૫૧ તથા સાહેદ નં.૯ તરીકે આંક–૫૯ થી તપાસવામાં આવેલ છે, પરંતુ

સદર પંચસાહેદો તેમની જુબાનીમાં અનુક્રમે આંક–૪૪, ૫૦, અને ૬૦ વાળા પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા નથી.

વધુમાં, આ કામે પોલીસ સાહેદોને સાહેદ નં.૨૧ તરીકે આંક –૧૧૪, સાહેદ નં.૧૯ તરીકે આંક–૧૦૪, સાહેદ નં.૨૦ તરીકે આંક–૧૦૭ તથા સાહેદ નં.૨૨ તરીકે આંક–૧૩૩ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને અનુરૂપ હકીકતો પોતાના પુરાવામાં જણાવેલ છે, પરંતુ જયારે ખુદ મરણ જનારના પત્ની, ફરીયાદી અને અન્ય ઈજા પામનાર સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વધુમાં, આ કામે હથિયારબંધીનું જાહેરનામુ આંક–૧૨૦થી રજુ થયેલ છે, પરંતુ આ જાહેરનામાની જાહેર જગ્યાએ યોગ્ય રીતે પ્રસિદ્ધિ કરાવેલ હતી અને તેની આરોપીઓને જાણ હતી તેવો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને આંક–૪૪ થી રજુ થયેલ મારક હથિયાર કબજે કર્યાનું પંચનામું પુરવાર થયેલ નથી અને આ કામના તપાસવામાં આવેલ ફરીયાદી, ઈજાપામનાર મહત્વના સાહેદોએ આરોપી હાથમાં હથિયાર ધારણ કરી આવેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી આરોપીએ બનાવ વખતે જાહેરમાં હથિયાર ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલાનું પણ ફરીયાદપત્ર નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૨૯) આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા તેમજ મુલ્યાંકન કર્યા મુજબ, આ કામના આરોપી વિરૂદ્ધ મુકવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચર્ચા તેમજ મુલ્યાંકન કર્યા મુજબ ફરીયાદની હકીકતે આ કામના આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ ઈ.પી.કો. કલમઃ–૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાના આક્ષેપો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોઈ, આ કામના આરોપીને હાલના ગુનાના કામે દોષિત ઠરાવી શકાય નહિ. જેથી

**મુદ્દા નં. ૧** નો નિર્ણય '**નકારમાં**' ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરવામાવવામાં આવે છે.

## <u>-:આખિરી હુકમ :-</u>

**(૧)** આ કામના આરોપીઓ નં.(૧)નરેશભાઈ સ/ઓ ચીમનભાઈ નેમાભાઈ ઠાકોર(એબેટ), (૨)ચંદ્રશેખર સ/ઓ નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર, (૩)ભગતસિંહ સ/ઓ નરેશભાઈ ચીમનભાઈ ઠાકોર, રહે તમામ. પ્રેમનગર(ધર્મનગર), તા.રાધનપુર, જી.પાટણવાળાઓને ઈ.પી.કો. કલમઃ-૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૨૯૪(ખ), ૩૪ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે.

**(૨)** આ કામે કબજે લેવામાં આવેલ કિમતી મુદ્દામાલ ખરાઈ કર્યા બાદ તેના માલિકને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે અથવા તો તે અંગે અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો તથા બિન કિંમતી કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામના આરોપી દ્વારા ચાલુ ટ્રાયલ દરમિયાન કરી આપેલ જામીનખત તથા જાત મુચરકો આથી રદ કરવામાં આવે છે.

**(૪)** આ કામના પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબના રૂા. ૧૫,૦૦૦/- (અંકેરૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન તથા તેટલી જ રકમના સદ્ધર જામીન દિન-૭ માં રજુ કરવા.

હુકમ આજરોજ તારીખ **૧૭** મી, માહે-**માર્ચ**, સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
પાટણ, મુ.રાધનપુર

**(રાજકુમાર રામસિંહ ચૌધરી)**
કોડ નં. જીજે-૦૧૫૧૨
એડીશનલ સેશન્સ જજ,
પાટણ, મુ. રાધનપુર.